# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ૬ વૃંદાવન ફ્લેટ્સ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## ❀ અનુક્રમણિકા ❀


| | | |
|---|---|---|
| પ્રેમ | – | ૩ |
| યોગેશ્વરજીની વાણી | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| સ્વર્ગારોહણના આંગણે સત્કર્મો | નારાયણ હ. જાની | ૧૧ |
| My Experiences With Swargarohan– No Words Can Describe It | Swati Bhakta | 15 |
| Going To Swargarohan was great. Thank you MAA for This chance!!! | Gargi | 18 |
| હે નાથ! હું આપને ભૂલું નહીં | સ્વામી રામસુખદાસજી | ૨૨ |
| પ્રેરક પ્રસંગો | શ્રીદમયંતી સેજ્જલ | ૨૬ |
| બંધ બારણે ટકોરા(ભજન) | મા સર્વેશ્વરી | ૩૦ |
| પૂ.માની પ્રાર્થનાઓ(૩) | મા સર્વેશ્વરી | ૩૧ |
| દક્ષિણ ભારતના ધાર્મિકવડા સાથે | અનુ.યોગેશ્વરજી,પોલ બ્રન્ટન | ૩૩ |
| તેજસ્વી તારલાઓનું સન્માન | જ્યોત્સનાબેન ત્રિવેદી | ૩૭ |
| પૂ.માના સાન્નિધ્યે શું પમાયું? | નીતી ભટ્ટ | ૪૦ |
| પૂ.માની વિદેશોમાંની યાત્રા(૨) | મા સર્વેશ્વરી | ૪૨ |
| પૂ.મા સર્વેશ્વરીની કલમે–અમૂલ્ય જીવનમાં આચરવા જેવી વાતો | સંકલન : મયૂરી ટેલર, તંત્રી | ૪૯ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# પ્રેમ

અન્યને નફરત કરનાર વ્યક્તિ પ્રભુને પ્રેમ કરી શકતી નથી.

યહાઁ મંદિર બીકતા હૈ,
યહાઁ મસ્જીદ બીકતી હૈ,
ટકે ટકે મેં ઈમાન બીકતા હૈ,
અચ્છા હૈ ભગવાન
તુ પર્દે મેં હૈ, વર્ના
તુજે બેચને વાલા શૈતાન ભી
યહાઁ રહેતા હૈ.

અન્યની મા—બહેન—પત્ની કે દીકરીને ચાહવા ખૂબ જ સરળ છે. જે વ્યક્તિ પોતાની મા—બહેન—પત્ની કે દીકરીને પ્રેમ કરી શકતી નથી તે વ્યક્તિ જગતની કોઈપણ સ્ત્રીને પ્રેમ કરી શકતી નથી. છતાં પ્રેમ કરવાનો દાવો કરે તો તે પ્રેમ ફક્ત દેખાવ માત્ર હોય કે વાસનામય હોય, કારણકે જે વ્યક્તિ પ્રેમાળ હોય તે જગતની કોઈપણ વસ્તુને, કોઈપણ સ્ત્રી, પુરુષ, પશુ, પક્ષી કે કોઈપણ જીવને પ્રેમ કરવા માટે સમર્થ બને છે.

પ્રભુ પણ એને જ પ્રેમ કરે છે, જે પ્રભુના દરેક સર્જનને પ્રેમ કરે છે.

અન્યમાં પરમાત્માના દર્શન થાય તે પ્રેમ છે, નહીં તો સ્વાર્થ અને વાસના જ છે.

આપણે પ્રકૃતિને તથા સંગીતને પ્રેમ ન કરીએ ત્યાં સુધી આપણાંમાંથી સંગીત ન નીકળે. **(સંતવાણી)**



# યોગેશ્વરજીની વાણી

—શ્રીયોગેશ્વરજી

## વ્યાકુળતાની જરૂર

ઈશ્વરને માટેની વ્યાકુળતા ને તન્મયતાના આ પ્રકાર કોઈના જીવનમાં મૂર્ત થયેલા દેખાય છે ખરા? એવું એક પણ દૃષ્ટાંત પ્રેમની આ પરમ ને અનન્ય અવસ્થાને સમજાવવા ને સ્પષ્ટ કરવા આપી શકાય એમ છે ખરું? ગોપીઓનું દૃષ્ટાંત આ પ્રશ્નના ઉત્તર રૂપ છે. ગોપીઓ પ્રેમ માર્ગની આચાર્યા છે. પ્રેમના પાવન ને કલ્યાણકારક મંદિરના સર્વોચ્ચ શિખરે તે પ્રતિષ્ઠિત થઈ છે. એમ કહો કે પ્રેમની જ તે પ્રતિમા છે : પ્રેમે જ પોતાના મહિમાનું પ્રદર્શન કરવા ભગવાન શ્રી કૃષ્ણ ને ગોપીઓના રૂપમાં જન્મ લીધો છે એમ કહી શકાય.

ગોપીઓને ભગવાન શ્રી કૃષ્ણમાં કેટલી બધી પ્રીતિ હતી! તે પોતે સંસારમાં રહેતી પણ તેમના મનમાં શ્રી કૃષ્ણના વિના કોઈનું યે સામ્રાજ્ય ન હતું. શ્રી કૃષ્ણના અદ્‌ભુત અનુરાગમાં તે આસક્ત હતી. ગોપીઓના જીવનની આ અનુરાગ વૃત્તિને સાચા અર્થમાં સમજવા માટે ગોપીઓના જેવું જ હૃદય જોઈએ : ભગવાન પર પણ ગોપીઓ જેવો જ પ્રેમ જોઈએ. તે વિના ગોપીનું હૃદય સમજી શકાય નહીં.

મીરાં, તુલસી, સૂર ને નરસી તેમ જ ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ ને તુકારામ મહારાજનાં જીવન પણ ઈશ્વર પ્રેમ ને વ્યાકુળતાના અજોડ દૃષ્ટાંતરૂપ છે. ઈશ્વરને માટે તેમના અંતર રાતદિવસ ઝંખતા ને રડતાં હતાં. ઈશ્વરના જ પ્રેમમાં તે

મસ્ત થઇ ગયા હતાં, ને ઈશ્વરના જ રંગે રંગાઇ સંસારમાં એક ઈશ્વરને જ માટે તે જીવતાં હતાં. રામની નિશદિન રાહ જોતી શબરી ને વાલ્મિકી આ પ્રેમ ને વ્યાકુળતાના નમૂના હતા. ને આજે પણ એવા કોઇ કોઇ બડભાગી જીવો આ સંસારમાં છે ને ઈશ્વરના જ પ્રેમજલમાં મીન જેમ જીવે છે, ને ઈશ્વરમાં જ જેમની શાંતિ ને ઈશ્વર પ્રાપ્તિ જ જેમની એકમાત્ર લગન છે.

આ પ્રેમ કે વ્યાકુળતા કાંઇ એમનેમ આવતાં નથી. હૃદયના મલ દૂર થયા વિના, સંસારી વસ્તુઓની મમતા ને આસક્તિ મટ્યા વિના, ઈશ્વરપ્રેમની આ પ્રસાદી સહેજમાં મળી શકતી નથી. તે માટે આકરું તપ કરવું પડે છે, જીવનને સતત પુરુષાર્થી બની ધોવું પડે છે, ને સત્યને વફાદાર રહી, ઈશ્વર પ્રાપ્તિને પંથે વળવાનું વ્રત લઇ, મૂંગોમૂંગો વિકાસ કરવો પડે છે. ધન, કીર્તિ ને સ્ત્રીની તૃષ્ણામાંથી મનને પાછું વાળી લઇ એક ઈશ્વરને માટે જ ભેખ ધારણ કરવો પડે છે, ને ઈશ્વરમાં જ આસક્ત બની, વાસનાને મેલી, વૃત્તિઓની હોળી કરી, ઈશ્વર પ્રાપ્તિ ના થાય ત્યાંસુધી સાધનામાં તત્પર રહેવું પડે છે. આ શક્તિ બધામાં નથી હોતી એટલે પ્રેમ ને વ્યાકુળતાની આ અવસ્થા કોકને જ પ્રાપ્ત થતી દેખાય છે. પણ એટલું સાચું છે કે ઈશ્વર ને ઈશ્વરના પ્રેમની પ્રાપ્તિ માનવનો જન્મસિદ્ધ અધિકાર છે. ને આજે નહીં તો કાલે—આ જન્મમાં નહીં તો બીજા જન્મમાં, તેથી સંપન્ન થવું જ પડશે. તે વિના માનવને શાંતિ, પૂર્ણતા કે જીવનસાફલ્ય કે બંધનોથી મુક્તિ નહીં જ મળી શકે.

જેને ઈશ્વરી પ્રેમની પ્રાપ્તિ થઇ તેને વ્યાકુળતા પણ થવી જ જોઇએ એ નિયમ છે. જેમ યજ્ઞકુંડમાં ઘીની આહુતિ આપવાથી



અગ્નિ વધારે ને વધારે પ્રજ્વલિત થાય છે, તેમ ભક્તની વાસનાની ભસ્મભૂમિમાં જાગેલા પવિત્ર ભાવનાના યજ્ઞકુંડમાં ઈશ્વરસ્મરણની આહુતિ જેમ જેમ અપાતી જાય છે તેમ તેમ ઈશ્વરપ્રેમ ને વિરહાગ્નિની પાવન જ્વાલા જાગતી જાય છે, જે ભક્તના તનમન ને સારાય વાયુમંડલને પવિત્ર કરે છે. આ વિરહવેદના કે વ્યાકુળતા જ ભક્તનું જીવન છે એમ કહીએ તો ખોટું નથી. પણ સાથે સાથે એ પણ યાદ રાખવાનું છે કે વ્યાકુળતાને લાંબો વખત ટકાવી રાખવામાં જ આનંદ માનવાની વૃત્તિ બરાબર નથી. વ્યાકુળતા સાધ્ય નથી, પણ સાધન છે માટે વ્યાકુળ થઇને બનતી વહેલી તકે ભક્તે ઈશ્વરના સાક્ષાત દર્શન કરી લેવા ને ઈશ્વર સાથે અખંડ ને પ્રત્યક્ષ સંપર્ક સાધવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. તે વિના પ્રેમ કે ભક્તિની સાધના શેષ રહે છે, પ્રેમભક્તિની પગદંડીએ થતી યાત્રા અપૂર્ણ જ રહી જાય છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૫ ફેબ્રુઆરી—૨૦૧૩ અંક ૫

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—૧૯૮૮/બી સરદારનગર, ભાવનગર**

સવારે સર્વેશ્વરી ફરવા જાય છે. તો પૂ.શ્રી ઘરમાં આંટા મારે છે. સમયસર સ્નાન બાદ વ્યાયામ ને લેખનકાર્ય શરૂ થાય છે.

આજે મુલાકાતમાં થોડા પ્રશ્નોની ચર્ચા થઇ. આજે મુલાકાતમાં એક બેન પોતાના પુત્ર અને તેની ભાવિ પત્નીને લઈને પૂ. શ્રી પાસે આવ્યાં હતાં. તે સૌએ પૂ. શ્રીને પ્રણામ કર્યા.

પૂ. શ્રીએ સહજ રીતે તરત જ કહ્યું : તમારા ઘરમાં લગ્ન કરીને આવનાર એ બેનનું હૃદય ખૂબ લાગણીશીલ છે. એટલે બોલવામાં સંભાળજો. સાચવવું પડશે.

સૌ એ સાંભળીને આશ્ચર્ય પામ્યા. તે નાનકડી બેને લાગણીશીલ હૃદય છે ને સહન ન થતાં, આંસુ આવી જાય છે તે વાત કબુલ કરી ત્યારે વળી વિશેષ આશ્ચર્ય થયું. જોકે આશ્ચર્ય દર્શાવવા જેવું પૂ.શ્રી માટે નથી. પૂ.શ્રી તો એવી દિવ્યશક્તિથી સંપન્ન છે કે તેઓ જાણ્યે અજાણ્યે પણ બોલે તેમાં સત્ય જ હોય



છે. ઘણીવાર તે સત્ય પાછળથી સમજાય. ઘણીવાર તરત જ સમજાય જાય છે.

**પ્રશ્નઃ—**જગદંબા, મહાકાળી કે અંબાજી એ જુદા જુદા નામ પ્રમાણે જુદાં જુદાં રૂપ છે.

**પૂ.શ્રીઃ—**મા ભગવતી એક જ છે. ભક્તોએ પોતાની કલ્પના પ્રમાણે નામ આપ્યાં છે.

**પ્રશ્નઃ—**ઘરમાં ઘણી અશાંતિ છે. તો પિતૃઓ અતૃપ્ત છે, એવું માનું છું તે સાચું છે?

**પૂ.શ્રીઃ—**તમારે સત્કર્મ કર્યા કરવું. ધારો કે અતૃપ્ત હોય તો તેઓ સ્વપ્નથી તમને સૂચન કરે. પણ તમે એવી શંકાથી ન જુઓ. સાધન ભજન કર્યા કરો.

આપણું કોઇ બળવાન કુકર્મ હોય તેના લેણા પેટે સત્કર્મ કર્યા કરીએ તો તે દેવું ભરપાઇ થઇ જાય. પ્રારબ્ધ કર્મ બળવાન હોય તો પણ ઘણીવાર સત્કર્મનું પરિણામ દેખાતું નથી. પછી કોઇકવાર ઓચીતું તેનું પરિણામ દેખાય. સત્કર્મ નકામું જતું જ નથી.

**પ્રશ્નઃ—**હાથમાંથી કંકુ ઝરે છે તે શું છે?

**પૂ.શ્રીઃ—**સારું ચાંદલો કરવા કામ લાગે. કંકુ પણ મોઘું હશે ને હા. પણ અત્યારે કેરીની સીઝન છે. હાથમાંથી કેરી જ કેરી કાઢે ને! એ મોંઘી કેરી લોકોને પેટભરીને ખવડાવે તો તો સારું!

એ કંકુ નીકળે તે પાછળ કોઇ પ્રેતાત્મા કામ કરતાં હોય છે. જેણે પ્રેતોને વશ કર્યા હોય તે તે પ્રેતને કામ સોંપે કે ભાવનગરમાં દશપંદર ઘર એવાં કર જ્યાં ફોટામાંથી ભસ્મ નીકળે. પછી તે પ્રેત એ કામ કરે.

મદમદ છેલ જાદુગર હતો તેણે ઘણાં પ્રેત સાંધેલાં.

**પ્રશ્નઃ—**ભક્તિમાં મન લાગતું નથી.

**પૂ.શ્રીઃ—**શું કારણ?

**તે ભાઈઃ—**અશાંતિ છે એટલે.

**પૂ.શ્રીઃ—**અશાંતિ હોય ત્યારે તો મન લાગે જ. ઘણાંને ખાવાનું, પીવાનું, પત્ની, પતિ વહુ બધાં જ અનુકૂળ હોય. શાંતિ હોય તો એમ થાય કે હવે ભગવાનનું શું કામ! શાંતિમાં ભક્તિ નથી કરતાં, પણ અશાંતિમાં તો થાય જ. ઉંઘવામાં ને ખાવામાં મન લાગે છે? ‘‘હા.’’

બાળક નિશાળે જાય તે પહેલીવાર જાય ત્યારથી જ કંઈ આનંદ, ઉત્સાહને પ્રેમથી જાય? ના. આપણે તેને પટાવવો પડે. સમજાવવો પડે. ચોકલેટ આપીશ એમ કહેવું પડે. પછી ધીમે ધીમે બાળકને શાળામાં જવામાં મન લાગે.

તેમ ભક્તિમાં પણ મનને પટાવો. જરૂર પડે તો સમજાવો. અરે, મનને ધમકી આપો ને જરૂર પડે તો દંડ પણ આપો.

આજે આટલા જપ ન થાય તો ચા બંધ, ખાવાનું બંધ. તો પછી જુઓ, મન ટટ્ટાર થઈ જાય છે કે નહીં.

**પ્રશ્નઃ—**આપ અમને શક્તિ પ્રદાન કરો જેથી ભક્તિ થાય.

**પૂ.શ્રીઃ—**અમારે ત્યાં જે પાણી આવે છે તે મ્યુનિસીપાલટીનું જ છે. તમારે ત્યાં પણ તે જ પાણી આવે છે.

અમારે ત્યાં જે શાંતિ આવે છે તે ભગવાન પાસેથી જ આવે છે. એટલે તે ભગવાનને જ પ્રાર્થના કરો, તે શાંતિ આપશે. સાધન ભજન તો જીવે પોતે જ કરવાં પડે. સંતો આશીર્વાદ



આપે. થોડુંક સાધન તો જીવે કરવું જ પડે.

પ્રશ્નોત્તરી બાદ મુલાકાતનો સમય પૂરો થતાં સૌ વિદાય લે છે. આ ઉતારો બે દિવસ રોકાયેલો છે. જેથી સામેના મકાનમાં માળ ઉપર જવાનું છે. તે ઓરડો પૂ.શ્રી જોવા જાય છે.

આજે સર્વેશ્વરી શ્રી ભાઈલાલભાઈને ત્યાં જાય છે ત્યાં ખાસ કંઈ વાતો થતી નથી.

સાંજે પ્રવચન બાદ હળવો નાસ્તો લઈ આરામ.

(ક્રમશઃ)

**પ્રાર્થના**

હે નાથ,<br>
જોડી બે હાથ,<br>
પ્રાર્થું છું આજ,<br>
જો જો છૂટે ના<br>
આપણો સાથ,<br>
આપનો સાથ,<br>
જો જો<br>
છૂટેના મારો હાથ.

**(સવારે ઉઠતાં કરવાની પ્રાર્થના.)**

# સ્વર્ગારોહણના આંગણે સત્કર્મો

—નારાયણ હ.જાની

જાહેર હિતનાં મોટા ભાગનાં સાર્વજનિક ટ્રસ્ટો પણ સંપત્તિ ભેગી કરતાં જોવામાં આવે છે ત્યારે અમારે ત્યાં રજીસ્ટર્ડ થયેલાં બધાં જ ટ્રસ્ટોમાં સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ જ એક એવું ટ્રસ્ટ છે, જે મળેલ દાનની મોટાભાગની સંપત્તિનો ઉપયોગ લોકકલ્યાણના કામોમાં તુર્ત જ ખર્ચી નાંખતું જોવામાં આવ્યું છે. આ શબ્દો છે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓડિટર શ્રી અકૂરવાલાના, તેઓ તા.૧૨—૨૦૧૨ના રોજ સ્વર્ગારોહણ અંબાજી ખાતે સત્કર્મમાં આદિવાસી શાળાઓના બાળકોને આપવામાં આવી રહેલ વસ્તુઓના વિતરણ સમારંભમાં ઉપસ્થિત રહી પ્રત્યક્ષ જોઇને તેઓએ ઉપરોક્ત અભિપ્રાય જાહેરમાં વ્યક્ત કર્યો હતો.

આ વર્ષે ડીસેમ્બર ૨૦—૧૨ ના અંતભાગમાં પૂ. મા વિદેશથી ભારત પધાર્યા એટલે તા.૨૫ ડીસેમ્બરથી સ્વર્ગારોહણ અંબાજી ખાતે સત્કર્મોનો પ્રારંભ થઇ ગયો. તા.૨૫ ડીસેમ્બરથી તા.૦૧—૦૧—૨૦૧૩ સુધીમાં કુલ ૮ મોટાં સત્કર્મો થયાં. આ સત્કર્મોમાં દાંતા તાલુકાની ૨૪ જેટલી પ્રાથમિક શાળાના બાળકોને આવરી લેવામાં આવ્યાં. જેમાં ૧૭૫૪ છોકરાઓ ને ૧૩૭૮ કન્યાઓ મળી ૩૧૩૨ બાળકો લાભાન્વિત થયાં.

આ સત્કર્મમાં દરેક બાળકને ભણવામાં ઉપયોગી થાય માટે સરસ દફતર, તેમજ કંપાસ બોક્સ—જેમાં પેન્સીલ, સંચો, રબ્બર ને ફૂટપટ્ટી, પહેરવામાં ગરમ સ્વેટર ને સ્કાર્ફ કે ટોપી, મોજાં તેમજ બૂટ, શરીર લૂછવાનો ટુવાલ, સાબુ, માથાનું તેલ, મોં



સાફ કરવા ટૂથ પેસ્ટ અને બ્રશ (જેથી નાનપણથી જ ચોકખાઇની ટેવ પડે.) ઉપરાંત નાસ્તામાં વેફર ને બીસ્કીટ, ચીકી તથા સ્ટીલની ડીશ ને પ્યાલો. આ સત્કર્મોના મુખ્ય દાતા અને સહાયક દાતાની વિગત નીચે મુજબ છે.

| તારીખ | દાતાનું નામ | |
|---|---|---|
| ૨૫—૧૨—૧૨ | મુખ્ય દાતા | સહાયક દાતા |
| | પારુલબેન આચાર્ય પરિવાર—મુંબઇ | રામભાઇ પટેલ— સેલવાસ |
| | કરમશીભાઇ કુંડારીયા પરિવાર—મોરબી | કલાબેન સોરઠીયા— સુરત |
| ૨૬—૧૨—૧૨ | શ્રી કનુભાઇ ઠક્કર પરિવાર—અમદાવાદ | શારદાબેન રામભાઇ બાજીપુરા |
| | રૂક્ષ્મણીબેન પ્રજાપતિ કેનેડા. | દીપીકાબેન ત્રિવેદી અંબાજી |
| ૨૭—૧૨—૧૨ | રંજનબેન ગોવિંદભાઇ ખડસદ | કોકીલાબેન શાહ વડોદરા |
| | ગીતાબેન ભક્ત અમેરિકા | મનોજભાઇ ગોહિલ બાવળા |
| ૨૮—૧૨—૧૨ | પ્રભુદાસભાઇ તન્ના અમદાવાદ | દીનાબેન પનામા, નીલબેન નિલેશભાઇ, |
| | મંજુબેન ભાવસાર, જયસુખભાઇ અમૃતિયા—રાજકોટ. | દક્ષાબેન ભોજાણી— અમદાવાદ. |

| | | |
|---|---|---|
| ૨૯–૧૨–૧૨ | ધીરુભાઇ માટલીયા–કેનેડા<br>આરાધ્યા એ.માણેક–કેનેડા | સ્નેહાબેન ભક્ત–કપૂરા |
| ૩૦–૧૨–૧૨ | ગોવિંદભાઇ પટેલ પરિવાર–સુરત<br>કૃપાબેન ભક્ત–અમેરિકા | દિલીપભાઇ ઉપાધ્યાય–વડોદરા.<br>દીપકભાઇ મહેતા–સુરત. |
| ૩૧–૧૨–૧૨ | મીનાક્ષીબેન–લોસએન્જલસ,<br>પૂજા વિરલ માવાણી–મુંબઇ.<br>મૈત્રેયી નેહલ મહેતા–મુંબઇ. | ગીતાબેન નંદકુમાર અધ્વર્યુ–અમદાવાદ. |
| ૦૧–૦૧–૧૩ | ગુલાબ વાડીના બાળકો લોસએન્જલસ. | હંસાબેન ભક્ત–નનસાડ<br>દક્ષાબેન સેજપાલ–મુંબઇ |

મુખ્ય દાતાઓ તરફથી આપવામાં આવેલી વસ્તુઓમાં ગરમ સ્વેટર, ટોપી, દફતર ને કીટ, ટુવાલ, તેમજ ટૂથ પેસ્ટ, બ્રશ, તેલ ને સાબુ તેમજ બૂટ ને મોજાનો સમાવેશ થતો હતો. સહાયક દાતાઓ તરફથી સ્ટીલની ડીશ, પ્યાલો, વેફર, બીસ્કીટ ને ચીકીનો પ્રસાદ શ્રી વિજયભાઇ ને શ્રીશાંતિભાઇ કનેરિયા તરફથી આપવામાં આવ્યો હતો.

આ સત્કર્મમાં મુખ્ય દાતાઓ ને તેમના પરિવારના સભ્યો



ઉપસ્થિત રહ્યાં હતાં. સહાયક દાતાઓએ પણ પોતાના હાથે સ્ટીલની ડીશ, પ્યાલા ને નાસ્તાની વસ્તુઓનું વિતરણ કરવાનો લહાવો માણ્યો હતો.

આદિવાસી વિસ્તારના આ ભૂલકાઓ આટલી બધી વસ્તુઓ એક સાથે પામીને આનંદ અને આશ્ચર્ય અનુભવી રહ્યાં હતાં. તેમની સાથે આવેલ શિક્ષકોને પણ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

પૂ.મા દ્વારા કરાતા આવા સત્કર્મોના પરિણામે આ પ્રદેશની પ્રજામાં પૂ.મા પ્રત્યે એક અનેરો આદરભાવ પેદા થયેલો જોવા મળે છે. ટ્રસ્ટ તરફથી બધાં જ બાળકોને ચવાણાં ને બુંદીનો પ્રસાદ જમાડીને–ૐમા, જય માના ઉદ્‌ઘોષ સાથે–સાધકોએ પ્રેમપૂર્વક વિદાય આપી હતી. આના પરિણામે સ્વર્ગારોહણના દરવાજે રોજરોજ અનેરું દશ્ય સરજાતું હતું, જે જોઇ પસાર થતા રાહદારીઓ પણ આશ્ચર્ય અને કુતૂહલ અનુભવતા હતાં.

સત્કર્મોના પ્રારંભ ને અંતે પૂ.મા–સફળતાનો બધો જ યશ પ્રભુચરણે પ્રણામ કરી ધરી દેતાં હતાં. આ દ્વારા પૂ.મા એવો બોધ સાધકોને ધરી રહ્યાં કે જીવનમાં નાના–મોટા સર્વ કાર્યોની સફળતાનો યશ હંમેશાં પ્રભુને ધરીને હળવા થઇ જાઓ, જેથી કોઇ પ્રકારનું અહં ના જાગે.

# My experience at Swargarohan–No words can describe It

**–Swati Bhakta**

Jai krupalu Maa

At the end of the year 2006, it was decided that my family (my parents, sisters, brother–in–law, and nephew) was going to India. Due to work, school, and a state test I needed to take in December, I had not given India much thought, but for some reason, my desire was there. Somehow it all worked out and I made it to India for about 2 weeks.

Thanks to Maa, I was able to experience Swargarohan and a side of Maa I have never seen or felt. I always knew that Maa was around, but didn't know why or how to feel connected. I have known Nisha for years and we are close in age, but I never understood how Nisha was so connected with Maa; after being in Swargarohan I felt it and understood it. Everyone needs to experience being at Swargarohan when Maa is there because there are no words to decribe it. I encourage



everyone to go if they have the chance, especially if they have not experienced Swargarohan yet.

Maa is amazing. Being in Swargarohan with Maa, one truly experiences how amazing Maa is. Maa makes everyone feel as if she is only talking to them without speaking any words and she makes them feel so special as if Maa is only theirs. She knows exactly what to do or "say" to that person. She knows how to connect to everyone and understands everyone's indivudual needs or wants.

Maa's action speck louder than words. Maa only asks for a small amount from us compared to what she does herself. What she does and sacrifices is done at a greater level than what she asks from us is nothing.

I have changed so much because of trip to Swargarohan; my family would also agree to this. Swargarohan is such a peaceful that you forget about your daily lives and all you about is helping others. The people you meet there change you also. seeing Maa in action is mind–blowing; you learn to appreciate things to a greater degree just by seeing Maa at work. The things that happen in Swargarohan are astonishing. Things like serving 4,000 people in

one afternoon at the medical camp seemed impossible. but it was done because of Maa's blessings and the attention and love Maa gave to all.

Before going to Swargarohan, I knew that I wanted to celebrate my 30th birthday in a special way. but I wasn't sure how or what it going to be. After exeperiencing Swargarohan, I was able to celebrate my birthday with best friend and we were able to raise $3000 for a different medical in India. This has been the best year of my life and I have to thank Maa for it.

Being at Swargarohan has made me open a side of myself that been hidden inside me. The feelings I experience at Swargarohan are indescriable and difficult to put into words: Everyone needs to go to Swargarohan at least once to understand how important it is for their souls and for the world.

Jai krupalu Maa

Swati Bhakta



# Going to Swargarohan was great. Thank You MAA for this chance!!!

**–Gargi**

Jai krupalu Maa

Pranam MAA.

As soon as we enter the gates of Swargarohan, we forget everything that is on our mind. We forget our friends, relatives, school, and any other attachments we have with the outside world. The thoughts that cross our mind are only that of Pujya MAA and Prabhu. The beautiful atmosphere puts our mind at complete peace.

In the short time that we are there, MAA wants to teach us so many things. There are certain things that can only be learnt at Swargarohan. The two main messages I learned from staying at Swargarohan were love and seva. Through the various camps that took place MAA taught us how to love and respect everyone, even if you do not know them. Another lesson was that when we give something to the

camp participants (as we do for prayer) and bow to them in a thank you. We do this because if it was not for them being in their poor condition, than we would not get the chance to commit this good deed.

During the days in which the camps were taking place, our days started off with prayer and ended with prayer. All throughout the days, we were busy with a variety of camps. Since there were kids, MAA made sure that our days not filled up with just prayer, prayer, and prayer. We were put to work during the camps; either by carrying materials, walking the participants to the main gate, serving food, and/or by singing dhoons as encouragement.

When visiting Swargarohan, there are two places everyone must see. The Kutiya and Yogtirth. The Kutiya is a marble hut in the back of Swargarohan. Inside there are pictures on Prabhuji, Pujya MAA, Jyotirmayi MAA, Sri Ramkrushnadev, and Sri Sardama. When you pray inside of the Kutiya, you feel as if MAA–Prabhu is only listening to you. If you do 11 pradakshinas around the Kutiya and pray for one thing with all your heart, then your prayers will be answered.



The second must–see place is Yogtirth. This is a museum–like tribute that MAA has made for Prabhuji. As we are walking through Yogtirth, we feel as if we are walking through Prabhuji's lifetime. While I was there, MAA sent Jagukaka with us to translate and explain every letter, picture, item, and etc. It is an amazing place that eveyone must see.

During the time that I was there, we had three Sadhana. Dins, In a Sadhana Din we are to pick a niyam and complete that niyam throughout the day. When I saw the niyams that devotees had decided upon, I was extremely surprise and doubted whether they would be able to finish within 24 hours. For example, their niyams would include 1000 pranam, 100 mala, plus 500 pradakshinas. With MAA's help, every single devotee completed all these niyams plus extra.

On the first Sadhana. Din, I had decided to do 1000 pranam with MAA. The night before the second Sadhana Din, MAA asked, "who would like to accompany Rakshita ben from Mumbai in doing 2007 pranam." I signed up to do them, but in my mind I doubted myself. At 1:00 AM, another ben came to wake me up saying that

MAA was calling me to do pranam. We did about 200 pranam and went back to our rooms. After completing 1000 pranam (the next day) I was exhausted and went to rest. When I restarted, doing them became a lot harder and my speed slowed down, but MAA came in and gave us encouragement. She said that we should do 100 in the Kutiya, 100 in the hall, 100 in her room, and etc. So that they would go by quickly. MAA energized us so much that those pranams were done within no time.

Once at Swargaroha, there are no desires in your heart to leave. I hope that all the kids get a chance to go and experience everything for themselves. It is truly worth it. Jai Krupalu MAA!!!

''મન''રૂપી સ્લેટ જેની કોરી હોય તેમાં જ ''ઈશ્વર'' શબ્દ લખાય છે.

પરમાત્માને જે કોઇ ''દિલ'' આપે છે તેને પરમાત્મા દિલથી આપે છે.

કોઇના સુખમાં વધારો કરીએ એના કરતાં કોઇનું દુઃખ ઓછું કરવું વધારે મહત્ત્વનું છે.

હસવું, હસાવવું અને હસી કાઢવું એ સુખી જીવનનો કીમીયો છે.



# હે નાથ! હું આપને ભૂલું નહીં

—સ્વામી રામસુખદાસજી

બધાં ભાઇ—બહેનો સાવધાન થઇને ભગવાનના ચિંતનમાં લાગી જાવ. નિરંતર ભગવાનને કહેતાં રહો કે, 'હે નાથ! હું આપને ભૂલું નહીં.' ભગવાનની સ્મૃતિ સંપૂર્ણ વિપત્તિઓનો નાશ કરનારી છે—**'हरिस्मृतिः सर्वविपद्विमोक्षणम्'** (શ્રીમદ્‌ભાગવત ૮—૧૦—૫૫). એ અંધકારમાં લાલટેનની જેમ પ્રકાશ કરવાવાળી છે, સહારો દેવાવાળી છે. એના સિવાય આ સંસારમાં કોઇ સહારો નથી. ભગવાનના સ્મરણમાત્રથી જ મનુષ્ય સંસાર—બંધનથી છૂટી જાય છે—**'यस्य स्मरणमात्रेण जन्मसंसारबन्धनात्। विमुच्यते....'** (મહાભારત, વિષ્ણુસહસ્રનામ અનુશાસન. ૧૪૯). ભગવાનને યાદ કરવાથી બધા કામ યથાયોગ્ય થઇ જાય છે. એટલા માટે સાચા હૃદયથી 'હે નાથ! હે નાથ!!' પુકારો. ભગવાને એક જ વાત કહો કે 'હે નાથ! હું આપને ભૂલું નહીં; એવી કૃપા કરો કે આપને ભૂલું નહીં.' એક શ્લોક આવે છે—

**शम्भुः श्वेतार्कपुष्पेण चन्द्रमा वस्त्रतन्तुना।**
**अच्युतः स्मृतिमात्रेण साधवः करसम्पुटैः॥**

અર્થાત્ 'શંકર શ્વેત આકડાનાં ફૂલોથી, ચન્દ્રમા વસ્ત્રના તન્તુથી અને સાધુજનો હાથ જોડવાથી પ્રસન્ન થઇ જાય છે, પણ ભગવાન વિષ્ણુ સ્મરણ કરવા માત્રથી જ પ્રસન્ન થઇ જાય છે.' સ્મરણ સિવાય કોઇ વસ્તુની, કોઇ મહેનતની જરૂર નથી. કુંતી માતાએ ભગવાનને કહ્યું કે 'જુઓ, તમારા ભાઇ જંગલમાં દુઃખી થઇ રહ્યા છે, તમને દયા નથી આવતી?' તો ભગવાને આ જ

ઉત્તર આપ્યો કે 'ફઇબા, હું શું કરું? દ્રૌપદીનું વસ્ત્રાહરણ થયું તો તેણે મને યાદ કર્યો, પરન્તુ યુધિષ્ઠિરે સર્વસ્વ દાવ પર લગાવી દીધું, પણ મને તો યાદ કર્યો જ નહીં! કમ–સે–કમ મને યાદ તો કરી લેત.' તાત્પર્ય એ છે કે ભગવાનને યાદ કરવા માત્રથી કલ્યાણ થઇ જાય છે, સદાને માટે દુઃખ મટી જાય છે. મહાન આનન્દની પ્રાપ્તિ થઇ જાય છે. આનાથી સસ્તો સોદો બીજો કયો હોઇ શકે! સાધન તો આટલું સુગમ, પણ તેનું ફળ આટલું મહાન! જો આપણ આટલું સરળ કામ પણ ન કરી શકીએ તો બીજું શું કરી શકીશું? આમાં ન તો પૈસાનો ખર્ચ છે, ન કોઇ પરિશ્રમ થાય છે. એટલા માટે તમને માત્ર આટલું જ કહેવાનું કે સવારના ઊંઘ ઊડે ત્યાંથી લઇને રાત્રે ફરી નિદ્રા આવે ત્યાં સુધી નિરંતર, 'હે નાથ! હું આપને ભૂલું નહીં' એ કહેવાનું શરૂ કરી દો. આપના મનમાં ભગવાનનું જે કોઇ સ્વરૂપ પસંદ હોય, તેને યાદ કરી આ લગન લગાવી દો કે, 'હે મારા નાથ! હું આપને ભૂલું નહીં.' આમાં પોતાની જાતને ખોઇ નાખો. પછી તમારાં બધાં જ કામ ઠીક થઇ જશે, એમાં કોઇ સન્દેહ નથી.

ભગવાને ગીતામાં અર્જુનને કહ્યું છે–'**तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध च**' (ગીતા ૮–૭) 'તું બધા સમયે મારું સ્મરણ કર અને યુદ્ધ પણ કર.' એનું તાત્પર્ય એ થયું કે સમયસર કામ–ધંધો કરો અને નિરન્તર ભગવાનને યાદ કરો. તમે શુદ્ધ હો, અશુદ્ધ હો, સારાં હો, ખરાબ હો, તંદુરસ્ત હો, બીમાર હો, પૈસાદાર હો, નિર્ધન હો, કેવાં પણ કેમ ન હો, કેવળ ભગવાનને યાદ કરો. હૃદયપૂર્વક, પ્રેમથી, આર્ત થઇને, રડી–રડીને ભગવાનને કહો કે, 'હે મારા નાથ! એવી કૃપા કરો, હું આપને ભૂલું નહીં.' ભગવાનના સ્મરણમાત્રથી જ કલ્યાણ થઇ



જશે! લગન તમારી અને કૃપા ભગવાનની! કેટલી સુગમ અને સરળ વાત છે! જાત–જાતનાં સાધન છે, પણ આ સીધું–સરળ સાધન છે–'હે મારા નાથ! હું આપને ભૂલું નહીં.' કેવળ યાદ કરવાથી હંમેશને માટે દુઃખ મટી જાય, એ કેટલું સુગમ સાધન છે.

**सच्चे हृदय से प्रार्थना जब भक्त सच्चा गाय है।**
**तो भक्तवत्सल कान में वह पहुँच झट ही जाय है।**

ભગવાનના સર્વ ઠેકાણે કાન છે–'**सर्वतः श्रुतिमल्लोके**' (ગીતા ૧૩–૧૩). તમે બોલો છો તે ભગવાનના કાનમાં જ તો બોલો છો. ભગવાનને કહો કે, 'હે નાથ! એક જ પ્રાર્થના છે કે હું આપને ભૂલું નહીં. એના સિવાય મને ન ધન–સંપત્તિ જોઇએ, ન માન–મોટાઇ જોઇએ, ન સંસારમાં યશકીર્તિ જોઇએ, ન પ્રસિદ્ધિ જોઇએ. બસ, એક જ વાત ઇચ્છું છું કે હું આપને ભૂલું નહીં.' એક જ વાતથી તમારાં બધાં જ કામ પૂર્ણ થઇ જશે, કોઇ કામ બાકી નહીં રહે. અત્યારથી જ કહેવાનું શરુ કરી દો કે, 'હે મારા નાથ! હું આપને ભૂલું નહીં.' ભલે હૃદયમાં ભાવ ઓછો હોય તો પણ કહેવાનું શરૂ કરી દો. કહેતાં–કહેતાં નકલી પણ અસલી બની જતું હોય છે. કામ–ધંધા કરતાં કરતાં, રસોઇ બનાવતાં, ઝાડુ લગાડતાં, પાણી ભરતાં, દરેક સમયે કહેતાં રહો કે, 'હે નાથ! એવી કૃપા કરો કે હું આપને ભૂલું નહીં', 'હે મારા નાથ! હું આપને ભૂલું નહીં.' પાંચ મિનિટથી વધારે મોડું ન થાય. અગર આ પણ ન કરી શકો તો દસ મિનિટમાં કહી દો. દસ મિનિટથી વધુ સમય થઇ જાય તો એક સમય ઉપવાસ કરો. ધારો કે ઊંઘ આવી જાય તો જ્યારે ઊંઘ ઊડે ત્યારે કહી દો કે 'હે નાથ! હું આપને ભૂલું નહીં.' મન લાગે ચાહે ન લાગે, કહેવાનું ન છોડતાં. કરીને જુઓ કે લાભ થાય છે કે નથી થતો. ભગવાન

સમક્ષ કરેલી પ્રાર્થના ક્યારેય નિરર્થક નથી જતી.

ભગવાનની યાદ આવી જાય તો ખુશી મનાવો કે આ તો ભગવાનની કૃપા થઇ ગઇ! કલ્યાણ ભગવાનની કૃપાથી જ થાય છે. કોઇ ભક્ત એવું નહીં કહી શકે કે હું સર્વથા નિષ્પાપ છું. નિષ્પાપ હોત તો સંસારમાં જન્મ શું કામ થાત? ભગવાન માફ કરે છે, ત્યારે જ કલ્યાણ થાય છે. સર્વથા નિષ્પાપ અને પવિત્ર થઇ પોતાનું કલ્યાણ સાધી લે એવી તાકાત કોઇનામાં નથી.

ભગવાન તો બધે જ છે, પણ યાદ કર્યા વિના તે કામ નથી આવતા. એક વ્યક્તિની ગાય માંદી પડી ગઇ. વૈદે કહ્યું કે તું ગાયને કાળાં મરી ખવડાવીને ઉપરથી એક પાશેર ઘી પિવડાવી દે. એ વ્યક્તિએ ગાયને કાળાં મરી તો ખવડાવ્યાં પણ ઘી ન આપ્યું. એણે વિચાર્યું કે રોજ ગાયના દૂધમાંથી એક પાશેર ઘી તો નીકળે જ છે; જેથી એક દિવસ ગાયને દોહીશ નહીં, જેનાથી ઘી એની અંદર જ રહી જશે. પણ આનાથી ગાય વધુ બીમાર થઇ ગઇ! તાત્પર્ય એ કે ગાયના શરીરમાં ઘી મોજૂદ હોવા છતાં પણ ગાયને કામ નથી આવતું. વિધિપૂર્વક કાઢેલું ઘી જ કામ આવે છે. આ રીતે ભગવાન બધે જ હોવા છતાં પણ કામ નથી આવતા. પણ જો એમને યાદ કરો તો બેડો પાર! આ તો કાઢેલું ઘી છે. એટલા માટે બધે ભગવાનને જુઓ અને તેમને યાદ કરો કે, 'હે નાથ! હું આપને ભૂલું નહીં.' તમે પાપી કે પુણ્યાત્મા કેવાં પણ કેમ ન હો, કેવળ ભગવાનને યાદ માત્ર કરવાથી શાંતિ મળી જશે. ઘી કાઢવામાં તો પરિશ્રમ લાગે છે પણ આમાં તો મહેનત છે જ નહીં. માત્ર યાદ કરવાનું છે કે, 'હે નાથ! હું આપને ભૂલું નહીં.' અમને બીજું કાંઇ જ નથી જોઇતું ફક્ત એક જ માંગ છે કે, 'હે મારા નાથ! હું આપને ભૂલું નહીં.'



# પ્રેરક પ્રસંગો

—શ્રીદમયંતી સેજ્જલ

**સંતશ્રી રણછોડદાસજી મહારાજના—જામનગરમાં કાષ્ટમૌન**

સને ૧૯૫૪નો રામનવમી ઉત્સવ ચિત્રકૂટમાં ઊજવીને તેઓશ્રીએ ભગવાન શ્રીરામ સમક્ષ કાષ્ટમૌન તપમાં બેસવાની આજ્ઞા લેવા પ્રાર્થના કરી ત્યાર પછી હનુમાન જયંતીને દિવસે વહેલી સવારે જામનગર પધાર્યા.

વાડીમાં એક બેઠા ઘાટની કુટિયા હતી. સરસ મજાનો એક બંગલો પણ હતો. પરંતુ પૂજ્યશ્રીએ બંગલાને બદલે કુટિયાને પસંદગી કરી. એમાં બે રૂમ, શૌચાલય, જમીનની અંદર ભોંયરું, ફળિયું, ડંકી વગેરે તમામ જરૂરી સગવડો હતી. ફળિયાને ફરતી ઊંચી દીવાલ. દરવાજો બંધ થાય એટલે કોઇ અંદર ન જઇ શકે. જરૂરી ચીજવસ્તુઓ આપવા માટે દરવાજાથી થોડે દૂર જમનાદાસભાઇએ એક બારી નખાવી કે જે પૂજ્યશ્રી અંદરથી ખોલી શકે અને જમનાદાસભાઇ બહારથી.

એક દિવસ જમનાદાસભાઇએ કહ્યું, 'બાપુ! આપ કાષ્ટમૌનમાં બિરાજશો એ બરાબર. પરંતુ આપ સમાધિમાંથી જાગૃત થાઓ ત્યારે આપના શરીરના પોષણ માટે શી વ્યવસ્થા કરવી?'

પૂજ્યશ્રી : 'ભગવદ્ કૃપાસે શરીર તો ઠીક હી રહેગા આપ પંદ્રહ દિન કા આટા બારી મેં રખ છોડના. જરૂર હોગી તબ શરીર લે લેગા.'

ફક્ત લોટ જ મૂકવાની વાત જમનાદાસભાઇના ભક્તહૃદયને ન રુચી. એમણે ધીરેથી કહ્યું : 'બાપુ! મેં તો

મુંબઈથી શાકભાજીની સુકવણી, સારી જાતના દાળિયા વગેરે મંગાવ્યું.'

એમને વચ્ચે જ અટકાવી દેતાં પૂજ્યશ્રીએ કહ્યું : 'કાષ્ટમૌન કોઇ નટ કા તમાશા થોડે હૈ?'

જમનાદાસભાઇનું મોં પડી ગયું, એ જોઇ ગુરુદેવ બોલ્યા :

'તુમ્હારી ઐસી ઇચ્છા હી હૈ તો થોડા શાકભાજી ભી રખના. પરંતુ ખ્યાલ રખના કિ જબ જરૂરત પડેગી તભી શરીર લેગા. કભી જ્યાદા સમય બીત જાય, ૩૦–૪૦ દિન બીત જાય ઔર શરીર કુછ ન લે તો ફિર ભી ફિકર નહીં કરના.'

આજ્ઞા પ્રમાણે વાડીમાં કોલસા, સગડી, તવો, વાસણો વગેરે જરૂરી સામાન મૂકવામાં આવ્યા. તૈયાર થઇ ગયા બાદ જમનાદાસભાઇએ પૂજ્યશ્રીનો લેખિત સંદેશો ભક્તો સમક્ષ વાંચી સંભળાવ્યો : 'આપ સબ યદ્યપિ સ્નેહ કા ત્યાગ નહીં કર સકતે. પર યહ જો નિશ્ચય કિયા હૈ ઉસમેં આનંદ માનકર સદૈવ ઈશ્વર નિમિત્ત ભજન કરેં. આત્મીયતા સે તો સદૈવ આપકે પાસ હી હૂં.'

શરૂઆતના પંદર દિવસ પૂજ્યશ્રીએ મૌન રાખ્યું. સંવત ૨૦૧૦ની વૈશાખ સુદ ત્રીજ, તા.૫–૫–૧૯૫૪ ને દિવસે અસંખ્ય ભક્તોની હાજરીમાં, સવારના ૭–૧૦ વાગ્યે ફક્ત બે જ શબ્દો '૭૨૦ દિન' બોલીને પૂજ્યશ્રી કુટિયાના ઓરડામાં પધારી ગયા.

'આટલા બધા દિવસ દર્શન વિના કેમ જશે? એટલું કહેતાં ભાવિકોની આંખમાં આંસુ આવ્યાં, મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામના વનવાસ સમય દરમિયાનની અવધવાસીઓની દશા વર્ણવતાં ગોસ્વામીજી કહે છે' :



**'રામ દરશ હિત લોગ સબ કરત નેમ ઉપવાસ;**
**તજી તજી ભૂષણ ભોગ સુખ, જીયત અવધિકી આસ.'**

પૂજ્યશ્રીની પ્રસન્નતા માટે રામાયણ વાંચતા ભક્તોએ આજ સુધી આ દુહો ગાયો જ હતો. હવે એને જાતે અનુભવવાનો સમય આવ્યો. બે વર્ષ સુધી ગીતાજીનો બારમો અધ્યાય, રામાયણ વગેરેનો નિત્ય પાઠ કરવા પૂજ્યશ્રીએ સૂચન કર્યું હતું. ભક્તો એ રડતા રડતા પાઠ કર્યો.

જમનાદાસભાઇ રોજ સાંજે નિયમિતપણે વાડીએ જાય. બારી ખોલીને તાજાં શાકભાજી, દાતણ વગેરે મૂકી દે. પૂજ્યશ્રી લે તો ઠીક નહીં તો વળતે દિવસે વાસી શાકભાજી કાઢી નાખે ને એની જગ્યાએ તાજું શાક મૂકી દે. બે વર્ષમાં એક દિવસ પણ વાડીએ જવાનો નિયમ ન તોડ્યો. પૂજ્યશ્રી સામાન ઉપાડે તે દિવસની તારીખ અને દિવસ નોંધપોથીમાં નોંધી લે. ૭૨૦ દિવસમાં કુલ ૧૫ વાર સમાધિ લાગ્યાની હકીકત ડાયરીમાં આલેખાઇ. કોઇ વાર ૩૯ દિવસ પછી એ કોઇ વાર તો છેક ૭૮ દિવસ પછી પૂજ્યશ્રીએ લોટ અને શાકાભાજી ઉપડ્યાં. કુલ ૫૧૦ દિવસ કંઇ પણ સામાન ઉપડ્યા વિનાના ગયા.

**કાષ્ટમૌન ને બીજે વર્ષે ઉનાળો આવ્યો.**

ને ડંકી પાણી આપતી બંધ થઇ ગઇ. પૂજ્યશ્રીને પાણી વિના ખૂબ તકલીફ થઇ. પાણી વિના ચાલે નહીં ને બે વર્ષ સુધી એક જગ્યાએ કાષ્ટવત્ રહીને કોઇનુંય મોઢું જોયા વિના એકમાત્ર ઈશ્વર સાથે નાતો રાખવાનો નિયમ છોડાય પણ નહીં. પરિસ્થિતિ વિકટ બની ગઇ. વરુણદેવથી એ સંખાયું નહીં. 'ભારતના કલ્યાણ કાજે આવી વિકટ તપશ્ચર્યા કરતા તપસ્વીને

પાણીની અગવડ પડે તો પછી મારું પાણીના દેવતા તરીકેનું માહાત્મ્ય શા કામનું!'

આવું કંઇક વિચારી તેઓ સિમેન્ટનો થર પાથરેલા, ટાઇલ્સ જડેલા ભોંયરામાં ગંગાજળ સ્વરૂપે પ્રકટ થયા અને પૂજ્યશ્રીની સેવા કરવાનો મોકો ઝડપી લીધો!

બે વર્ષ પૂરાં થવા આવ્યા.

દર્શન માટે રાજકોટના ભક્તજનોએ પગપાળા જામનગર જવાનો નિર્ણય લીધો. લગભગ ૫૦૦ જણા તૈયાર થઇ ગયા. એ સહુએ એક રેંકડીમાં ગાલીચો, આસન વગેરે પાથરીને એમાં ચાંદીનું સિંહાસન મૂક્યું. પછી બ્રાહ્મણોના મંત્રોચ્ચાર અને આશીર્વચનો સાથે પૂજ્યશ્રીનો ફોટો એના પર પધરાવી પૂજન કર્યું. જયજયકાર કરતો, ધૂમ મચાવતો, ગામડાં ગજાવતો સંઘ પાંચ દિવસે જામનગર પહોંચ્યો.

તા.૨૪–૪–'૫૬ને દિવસે સવારે બરાબર સાતને દસ મિનિટે, બે વર્ષની વધેલી ભવ્ય દાઢી સાથે શરીર પર ગરમ શાલ વીટાળી, તપનાં તેજ પાથરતાં પરમ તપસ્વી શ્રી ગુરુદેવ બહાર પધાર્યા. હજારોની સંખ્યામાં એકત્રિત થયેલો ભક્ત સમુદાય દર્શન કરી કૃતાર્થ થયો.

જમનાદાસભાઇએ દરેકની ઉત્તમ પ્રકારે આગતાસ્વાગતા કરી. 'કાષ્ટમૌન સમાપ્તિ'ની ઉજવણી ભવ્ય રીતે થઇ. હજારો ભક્તોએ ભોંયરામાં પ્રગટેલાં ગંગાજીને વંદન કરી સાકર જેવાં મીઠાં જળની આચમની લીધી.

શીશા ભરીને ઘેર પણ લઇ ગયા. છતાં કાંડાબૂડ જેટલું દેખાતું એ જળ જરાય ઘટ્યું નહીં!



# બંધ બારણે ટોકરા

**–મા સર્વેશ્વરી**

બંધ બારણે ટકોરા મારે તો
શ્યામ તને સાચો ગણું
બારણાં ઉઘાડી આવે જો અંદર,
બેસે જો મારી પાસે.–તો શ્યામ
રાહ જોઇ થાકી નથી હું
આવજે જરૂરથી આજે.–તો શ્યામ
પોકાર મારો સાંભળીને સાચે
દોડી આવે મારી પાસે.–તો શ્યામ
માવડી બનીને હીંચકે બેસે
ખોળે મૂકાવે માથું.–તો શ્યામ
પાપી જીવને પાવન કરવા
માનવ રૂપે પધારે.–તો શ્યામ
ધન વૈભવ કે સિદ્ધિ ના માગું
દર્શન આપે પ્રભુ તારું.–તો શ્યામ

શાસ્ત્રોમાં લખાયું છે કે સાચા સાધકનો પોકાર પ્રભુને પ્રગટાવી શકે છે. પણ માત્ર વાચનથી એ વાત સાચી મનાય ખરી?

જો સાચે જ મારા ઘરનાં બંધ બારણાને ઉઘાડીને તે દિવ્યરૂપે મારી પાસે પધારે તો જ એ વાત સાચી માની શકાય. મન સંપૂર્ણ ત્યારે જ સ્વીકારવા તૈયાર થાય.

મૌનમંદિરના એ બંધ ઓરડામાં બેઠાં બેઠાં એના વિચારો જાગ્યા. શ્યામસુંદર ટકોરા મારીને બારણું ખોલીને અંદર આવે, મારી પાસે બેસે, તો ધન કે વૈભવ કશું જ માગવું નથી. આવી ભાવભરી સૃષ્ટિમાંથી આ પ્રાર્થના લખાઇ.

# પૂ.માની પ્રાર્થનાઓ(૩)

—મા સર્વેશ્વરી

(૧૦)

હે પ્રભુ! હવે કૃપા કરીને અમને તમારા કરી લો, કે જેથી અમે તમારે માટે જ જીવીએ, તમારા પ્રેમને ખાતર સત્કર્મો કરીએ, તમારી ઇચ્છા મુજબ વર્તીએ, તમારા હુકમો પાળીએ અને સઘળી વાતે તમને જ અર્પણ થઈને રહીએ, એવી અમોને બુદ્ધિ આપો. એમ થવા માટે હે નાથ! અમે સદા તમારા સેવાસ્મરણમાં દિવસો ગાળીએ એવું કરો.

(૧૧)

હે હરિ! તમારા રાજ્યમાં કોઇ પણ પાપી શિક્ષા પામ્યા સિવાય રહેતો નથી અને કોઇ પણ પુણ્યશાળી પોતાનાં કર્મોનું ફળ મેળવ્યા વિના રહેતો નથી. કારણ કે તમે ન્યાયી પ્રભુ સૌને સૌનાં કર્મનો બદલો આપી રહ્યા છો.

પ્રભુ! અમારી ઉપર તમારી દયાનો પાર નથી અને તમારી સામે થઈને અમે જે પાપો કર્યાં છે, તેનો પણ કાંઇ પાર નથી.

(૧૨)

હે દેવ! અમને તમારા વિના બીજા કોઇનું પણ બળ નથી.

પ્રભુ! અમારા જેવા પાપી જીવોનો ઇન્સાફ કરવા બેસશો તો અમારો આરો આવે તેમ નથી. માટે હે દીનાનાથ! અમો દીનજનો ઉપર તો દયા ને દયા જ કરો. અમારા ઉપર એવી કૃપા કરો કે, અમે તમારા વિના બીજા કોઇ પર પ્રેમ ન કરીએ.

હે હરિ! અમો ખોટે રસ્તે રખડતા જીવોને તમારા પવિત્ર માર્ગમાં લાવો.

(૧૩)

પ્રભુ! અમને તમારું ખરું દર્શન આપો કે જેથી અમે તમારી સાથે એકત્ર થઈ—જોડાય જઈને રહીએ.



સર્વત્ર જેની દૃષ્ટિ છે, એવું જાણીને અમે પાપકર્મ ન કરીએ એવી અમોને બુદ્ધિ આપો.

હે હરિ! અમે સર્વે એક બીજા ઉપર ભાવ રાખી, એકબીજાનાં સંકટોમાં સહાય કરીએ અને સર્વની તરફ ક્ષમાદૃષ્ટિથી વર્તીએ, એવી અમોને બુદ્ધિ આપો.

(૧૪)

પ્રભુ! અમને તમારા કરી લો અને તમે અમારા થઇ જાઓ, એટલું જ અમે માંગીએ છીએ.

પ્રભુ! અમે દરરોજ તમને ગમે એવા ઉત્તમ શુભકર્મો કરીએ એવું કરો.

તમારી ઇચ્છાથી અમે ઉત્પન્ન થયા છીએ માટે અમારા ખરા પિતા તમે જ છો અને આજ દિવસ સુધી તમોએ અમોને નિભાવ્યા છે માટે અમારા પાલનકર્તા પણ તમે જ છો.

પ્રભુ! આપનું મંગલ નામ ઘણા જન્મોના પાપોને બાળીને ભસ્મ કરી નાખે તેવું છે. માટે અમે સદાય આપના નામનો જપ કરતા રહીએ એવું કરો.

(૧૫)

ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં જ્યાં જ્યાં જોઇએ ત્યાં ત્યાં સર્વત્ર તમારું જ રાજ્ય અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળના જ્ઞાતા પણ તમે જ છો. તથા જડ ચૈતન્યને ચલાવનારા સૌના સ્વામી પણ તમે જ છો. હે પ્રભુ! ચૌદ ભુવનના સ્વામી પણ તમે જ છો.

જેને આંગણે અમૃતની નદીઓ વહ્યા કરે છે, જેના બગીચામાં કલ્પવૃક્ષ શોભી રહ્યાં છે, ચિંતામણીથી જડિત સુશોભિત મહેલમાં જેનો વાસ છે અને જેના ચરણના નખની શોભા કોટી કોટી સૂર્યને પણ લજ્જાયમાન્ કરે એવી છે તથા મુક્તપુરુષોનું મોટું મંડળ જયજયકાર કરી જેની આરતી ઉતારી રહ્યું છે એવા અવર્ણનીય અકલેશ્વર, સર્વેશ્વર અને દેવેશ્વર મહાન પ્રભુને અમારા હજાર હજાર વાર દંડવત પ્રણામ છે. ○

# દક્ષિણ ભારતના ધાર્મિકવડા સાથે

**—અનુ : યોગેશ્વરજી, પોલ બ્રન્ટન**

ચા અને બિસ્કિટના નાસ્તાનો વખત થયો ત્યારે નોકરે કોઇક મળવા આવ્યું છે એવી સૂચના આપી. એ કલમબાજોની જમાતના એક સભ્ય, લેખક વેંકટરામાની હતા.

એમનું દૃષ્ટિબિંદુ સમજવાની કોશિશ કરવાના ઉદ્દેશથી હું એમને શાંતિપૂર્વક સાંભળી રહ્યો. એ ઊભા થયા અને એમની ઊંચી, પાતળી આકૃતિ રસ્તા પર અદૃશ્ય થઇ તે હું જોઇ રહ્યો.

બીજે દિવસે સવારે એમના અણધાર્યા આગમનથી મને આશ્ચર્ય થયું. એમની ગાડી ઝડપથી દરવાજા પાસે આવી પહોંચી, કારણકે એમને ભય હતો કે હું કદાચ બહાર ગયો હોઇશ.

'કાલે રાતે મને મોડેથી સમાચાર મળ્યા કે મારા મહાન આશ્રયદાતા ચીંગલપટમાં એક દિવસ માટે રહેવાના છે.' એ બોલી ઊઠ્યા.

શ્વાસોશ્વાસને શાંત કરીને એમણે કહેવા માંડ્યું :

'કુંભકોનમના શંકરાચાર્ય દક્ષિણ ભારતના આધ્યાત્મિક વડા ગણાય છે. લાખો લોકો એમને ઈશ્વરના સંદેશવાહક તરીકે માન આપે છે. એમણે મારા જીવનમાં ઘણો રસ બતાવ્યો છે, મારા સાહિત્યલેખનમાં ઉત્સાહ પૂરો પાડ્યો છે અને એમની પાસેથી જ મને આધ્યાત્મિક પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. કાલે મેં તમને જે વાત નહોતી કહી તે આજે કહી બતાવું છું. અમે એમને ઉચ્ચતમ આધ્યાત્મિક અવસ્થા પર પહોંચેલા માનીએ છીએ.



પરંતુ એ યોગી નથી. એ દક્ષિણના હિન્દુ જગતના મુખ્ય પુરુષ, એક સાચા સંત અને મહાન દાર્શનિક છે. આપણા જમાનાના મોટા ભાગના ધાર્મિક પ્રવાહોથી તથા એમની પોતાની સિદ્ધિપ્રાપ્તિથી માહિતગાર હોવાને લીધે, સાચા યોગીઓ વિશેનું એમનું જ્ઞાન કદાચ ઘણું વિરલ છે. એક ગામથી બીજા ગામમાં તથા એક શહેરથી બીજા શહેરમાં એમનો પ્રવાસ ચાલ્યા જ કરે છે, જેથી એવી વાતોથી એ ખાસ વાકેફ રહી શકે. એ જ્યાં જાય છે ત્યાં બધે જ સંતપુરુષો એમને અંજલિ આપવા આવી પહોંચે છે. સંભવ છે કે એ તમને કોઇ ઉપયોગી શિખામણ આપી શકે. એમને મળવાનું તમને પસંદ પડશે ખરું?'

'એને માટે તમારો આભાર માનું છું. હું એમને ખુશીથી મળીશ. ચીંગલપટ અહીંથી કેટલું દૂર છે?'

'અહીંથી ફક્ત પાંત્રીસ માઇલ. પણ....'

'શું?'

'એ તમને મળવાની હા પાડશે કે કેમ તેની મને શંકા થાય છે. હું એમને સમજાવવાની બનતી કોશિશ તો કરીશ જ, છતાં....'

'હું અંગ્રેજ છું તેની મને ખબર છે.' મેં વાક્ય પૂરું કર્યું.

'એમના ઇન્કારનું જોખમ ખેડવા તૈયાર છો?' એમણે જરા આતુરતાથી પૂછ્યું.

'જરૂર, આપણે જઇશું.'

થોડોક નાસ્તો કરીને અમે ચીંગલપટ જવા ચાલી નીકળ્યા. મારે જેમને મળવાનું હતું તેમને વિશે મારા વિદ્વાન સાહિત્યકાર

મિત્રને મેં પ્રશ્નો પૂછ્યા. એના ફળરૂપે મને જાણવા મળ્યું કે શંકરાચાર્ય અન્ન અને વસ્ત્રની બાબતમાં એક વિરક્ત પુરુષની પેઠે તદ્દન સાદુ જીવન જીવે છે; પરંતુ એમના પદના મોભાને લીધે મુસાફરી કરતી વખતે એમને બાદશાહી પાલખીમાં તથા ઠાઠમાં રહેવું પડે છે. એમની પાછળ એ વખતે હાથી તથા ઊંટ પર સવારી કરનારા સેવકો હોય છે, પંડિતો તથા એમના શિષ્યો હોય છે અને સંદેશવાહકો તથા બીજા અસંખ્ય લોકોનો કાફલો હોય છે. એ જ્યાં જાય છે ત્યાં આજુબાજુના વિસ્તારોમાંથી દર્શનાર્થીઓનાં ટોળેટોળાં એમની પાસે ખેંચાઈ આવે છે. એ બધાં આધ્યાત્મિક, માનસિક, શારીરિક અને આર્થિક મદદ માટે આવે છે. શ્રીમંતો તરફથી એમને રોજના હજારો રૂપિયા અર્પણ કરવામાં આવે છે, પરંતુ એમણે ગરીબીવ્રત લીધું હોવાથી એ આવક યોગ્ય કામોમાં વાપરી દેવામાં આવે છે. એ ગરીબોને મદદ કરે છે, શિક્ષણમાં સહાયક બને છે, મંદિરોનો જીર્ણોદ્ધાર કરે છે અને દક્ષિણ ભારતના નદી વિનાના ભાગોમાં અત્યંત ઉપયોગી મનાતા, વરસાદના આધારે ટકતા, પાણીના કૃત્રિમ સંગ્રહોની સુધારણામાં રસ લે છે. એમનું કાર્ય મુખ્યત્વે ધાર્મિક છે. જ્યાં જ્યાં એમને રોકાવાનું થાય છે ત્યાં ત્યાં હિન્દુ ધર્મના વારસાનું વધારે ને વધારે ઊંડું જ્ઞાન મેળવવાની પ્રેરણા પૂરી પાડવાનો તથા લોકોનાં મન અને અંતરને ઉદાત્ત બનાવવાનો એ પ્રયાસ કરે છે. સામાન્ય રીતે એ સ્થાનિક મંદિરમાં પ્રવચન કરે છે અને પછી એમની પાસે એકઠા થતા જિજ્ઞાસુઓના સમુદાયને જવાબો આપે છે.

મને જાણવા મળ્યું કે આદ્ય શંકરાચાર્યની આ પરંપરામાં આ



છાસઠમા શંકરાચાર્ય છે. એમના પદ તથા અધિકારને સારી પેઠે સમજવા માટે એના સ્થાપક વિશે વેંકટરામાનીને મેં કેટલાક પ્રશ્નો પૂછ્યા.

વેંકટરામાનીએ પોતાના વર્ણન ને છાસઠમા શંકરાચાર્યની વિશેષ શક્તિઓની વાતો કહી બાતવીને રોચક બનાવ્યું. એ વાતોમાં એમના પોતાના ભત્રીજાને અદ્ભુત રીતે સાજો કરવામાં આવ્યો એ વાત પણ આવી ગઈ. એમનો ભત્રીજો સંધિવાથી પીડાઈને વરસો સુધી પથારીવશ હતો. શંકરાચાર્યે એની મુલાકાત લીધી, એના શરીરને સ્પર્શ કર્યો અને ત્રણેક કલાકમાં તો એ માંદો છોકરો પથારીમાંથી બહાર નીકળ્યો. થોડા વખતમાં તો તદ્દન સાજો થઈ ગયો.

વેંકટરામાનીએ વધારામાં જણાવ્યું કે બીજા મનુષ્યોના વિચારોને જાણી લેવાની શક્તિ પણ શંકરાચાર્યમાં છે. એ વાતમાં એમને પૂરેપૂરો વિશ્વાસ હતો.

(ક્રમશઃ)

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# તેજસ્વી તારલાઓનું સન્માન

—જ્યોત્સ્નાબેન ત્રિવેદી

નવા વર્ષનો પ્રારંભ જાણે સ્વર્ગારોહણ તીર્થ અને સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ બંનેને માટે સત્કર્મની સુગંધથી થયો. તેજસ્વી તારલાઓનું સન્માન. સર્વ મંગલ ચેરીટેબલ ટ્રસ્ટે આ પૂર્વ યોગ જ્યોત કાર્યક્રમ દ્વારા ગુજરાત રાજ્યમાં જીલ્લામાં ધો.૧૦ અને ૧૨મા પ્રથમ ક્રમાંકે આવનાર તેજસ્વી તારલાઓનું સન્માન કર્યું હતું. આ વખતે નવતર પ્રયોગ હતો. બનાસકાંઠાના દાંતા તાલુકાની શાળાઓમાં વર્ગમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીના સન્માનનો કાર્યક્રમ હતો. કુલ ૨૯ જેટલી શાળાઓના ધો–૮ થી ૧૨ ની અંદરના વિદ્યાર્થીઓ હતા. કુલ ૧૪૩ જેટલા વિદ્યાર્થી હતા અને તેમાંથી ૯૬% વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ હતી.

સુંદર પવિત્ર સ્વચ્છ સમું પ્રકૃતિની ગોદસમું સ્વર્ગારોહણ તીર્થનું આંગણું. પક્ષીઓનો મધુર ચહચહાટ અને કિલ્લોલ. વૃક્ષ અને વલ્લરીઓનો ઉષ્માભર્યો આવકાર. મધુર સંગીતમય વાતાવરણ એક અદ્‌ભુત માહોલ. એવા સુંદર વાતાવરણમાં એ સરસ્વતી પુત્રોનું સન્માન એક આગવી ભાત પાડતો હતો. કોઈ હોલનું બંધિયાર વાતાવરણ નહોતું. શાંતિ નિકેતનની યાદ અપાવે તેવા સુંદર પ્રાંગણમાં સૌનું સન્માન કરવામાં આવ્યું.

ઉપસ્થિત સર્વ બાળકો તેમના વાલીઓ અથવા તેમના શિક્ષકો સાથે પધાર્યા હતા. સહુ પોતાની માર્કશીટ લઈ પોતાનું નામ રજીસ્ટર કરાવી નિયત બેઝ લઈ શિસ્ત બદ્ધ રીતે શાંતિથી ગોઠવાઈ ગયા હતા અને પોતાના વિશિષ્ટ અનેરા સન્માનની પ્રતીક્ષા કરતાં અદ્‌ભુત આશ્ચર્યમાં ગરકાવ થઈ રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત નવમંત્રગાન, પ્રભુને પ્રણામ અને નાની



બાળ બેન વૈદેહીનો પિયાનો વાદન સાથેના વરદ હસ્તના પ્રાર્થનાગીતથી થયો હતો. જેમાં સ્વર શ્રી જયશ્રીબહેન ભક્તે આપ્યો હતો. પૂ.શ્રીમાની ઉપસ્થિતિ, બહેન શ્રી પૂજા અને બહેન શ્રી રક્ષિતાનું કાર્યક્રમનું ખૂબ જ સફળ સંચાલન, કાર્યક્રમની વિશિષ્ટતાનો ખ્યાલ આપતા હતાં. શરૂઆતમાં બંને બહેનોએ સંસ્થાના વિવિધરંગી સેવા કાર્યો અને સર્વમંગલ ટ્રસ્ટના માનવતાની મહેંક જેવા કાર્યોનો પરિચય આપ્યો હતો. શ્રીમતી તરલાબહેન દેસાઈએ મહાત્મા શ્રીયોગેશ્વરજી અને શ્રી મા સર્વશ્વરીનો પરિચય આપ્યો હતો. ત્યારે સન્માનના મંગલ કાર્યક્રમ શ્રીમાએ વિદ્યાર્થીઓને આશીર્વચન સંદેશા દ્વારા પાઠવ્યો હતો. જે નીચે પ્રમાણે છે—

**આપણી શિક્ષણ ક્ષેત્રની સર્વ સફળતા પાછળ ભગવાનનો વરદ હસ્ત પથરાયેલો છે. એટલે ભગવાનનો આભાર માનવાનું દરરોજ યાદ રાખવું.**

**તમે સરસ અભ્યાસ કરીને તમારા પરિવારને, તમારી શાળાને, તમારા ગામને, ગૌરવ ધરતાં ધરતાં તેને યાદ કરતા રહેવાનું છે.**

**સર્વ સફળતા પ્રાપ્ત કરી આપણે પણ કોઈકની આંગળી પકડીને શિક્ષણક્ષેત્રે આગળ વધવાના પ્રયત્ન કરવાના છે.**

**જ્યારે જ્યારે અંબાજી આવો ત્યારે ત્યારે આ સ્વર્ગારોહણમાં પણ આવજો અને કુટિયામાં દર્શન ને પ્રણામ કરવાનું યાદ રાખજો.**

**ઝળહળતું બનો તમારું સઘળું. —મા**

આ આશીર્વચન બાદ સન્માનના મંગલ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.

અમેરિકા નિવાસી શ્રી ભગવાનજીભાઈ ભક્ત અને શ્રીમતી

કંચનબહેન ભક્તની શ્રી લક્ષ્મી આ સમસ્ત કાર્યક્રમની દાનગંગા હતી. તેમની શુભલક્ષ્મીને સરસ્વતી પુત્રોનું સન્માન કરી મહાલક્ષ્મીનું ગૌરવ મળ્યું હતું.

પૂ. શ્રી પ્રભુ અને પૂ.શ્રી મા બંને ખૂબ વિદ્યા પ્રેમી છે. મસૂરીનું સરસ્વતી શિશુમંદિર પ્રભુના વિદ્યા પ્રેમનું જીવંત ઉદાહરણ છે. પૂ.શ્રી માએ આજ સુધી તેનું પોષણ સંવર્ધન કર્યું છે. કોઈપણ બાળક ખૂબ સારું ભણે તેનું પૂ.શ્રી માને ખૂબ ગૌરવ તેમને ક્યાં કંઇ મારું તારું છે તેમણે આ સર્વ બાળકોને ખૂબ પ્રેમથી નવાજ્યા જ નહીં, નવડાવી દીધાં. પારિતોષક મેળવવાનો ક્રમપણ સુંદર હતો. પ્રથમ આપણા સર્વની સર્વ પ્રકારે સંભાળ રાખનાર પ્રભુને સન્માનપૂર્વક પ્રણામ પછી, પૂ.શ્રી માને પ્રણામ, પૂ.શ્રીમા પાસેથી અધ્યાત્મનો અનસ્ત સૂર્ય પુસ્તકની પ્રાપ્તિ, પછી શ્રીમતી કંચનબહેન અને ભગવાનજીભાઇ તરફથી એવોર્ડ અને લક્ષ્મીજીની પ્રાપ્તિ.

શ્રી માને કંઇ આટલાથી સંતોષ થોડો થાય!

મોસાળમાં જમણ અને મા પીરસણે. જુદા જુદા સાધાકોના સહયોગથી વિદ્યાર્થીઓને નોટબુક, કેલક્યુલેટર, અધ્યાત્મનો અંક, ટુવાલ, થેલી, પ્રવૃત્તિઓનો અહેવાલની પત્રિકા આ ઉપરાંત બુંદી ચવાણા અને બટેકાપૌંઆનો નાસ્તો અને ડેઝર્ટમાં આઇસ્ક્રીમ. સહુ બાળકો, તેમના વાલીઓ ને શિક્ષકોને અધધ થઇ ગયું.

આ કાર્યક્રમમાં પારિતોષક મેળવનાર કેટલાક મુસ્લિમ ભાઇબહેનો પણ હતાં. તેમને પૂ.મા અને પ્રભુને નમસ્કાર કરતાં ધર્મની મર્યાદા નડતી હતી. પૂ.શ્રી માએ ખૂબ ઉદારતાથી અને સહિષ્ણુતાથી તેમના ગૌરવનું અદ્‌ભુત ઔચિત્ય જાળવ્યું. તેમની ગરિમામાં જાણે એક નવરત્નનો આપણને પ્રસાદ મળ્યો.



પારિતોષક મેળવનાર વિદ્યાર્થીઓમાં સૌથી વધુ માર્ક ધો.૧૦માં મેળવનાર વિદ્યાર્થીને ૯૩% માર્ક મળ્યા હતા તો ધો.૧૨માં ૮૭% માર્ક મેળવનાર વિદ્યાર્થી હતા. તેઓએ તેમના આવા ગૌરવ માટે ખૂબ સરસ પ્રતિભાવ આપ્યો હતો. ક્યાંયે કોઇએ કદી આવું સન્માન નથી કર્યું તેમ પણ જણાવ્યું હતું.

શાળાના શિક્ષકોએ પણ ખૂબ સરસ પ્રતિભાવ આપ્યો હતો. એક દીકરીએ **'ઓ મા તુ કીતની અચ્છી હૈ...'**વાળું ગીત ખૂબ ભાવથી ગાયું.

પૂ.શ્રીમાનો આ બાળકોને પ્રોત્સાહિત કરવા પાછળ એક જ ભાવ હતો. તેમનું સન્માન થયેલું જોઇ તેમના ભાઇ બ્હેન સહ અધ્યાયીઓ બધાં જાગૃત થાય. માતા–પિતા અને શિક્ષકો પણ વધુ મદદરૂપ થાય અને મહાનગરો અને નગરો કરતાં આ વિદ્યાર્થીઓ ક્યાંય પાછળ ન રહે.

ૐ યોગેશ્વરાય નમઃ અને ૐ મા સર્વેશ્વર્યે નમઃ મંત્રથી થયેલું તેમનું અભિવાદન તેમને ખૂબ ખૂબ પથ પ્રદર્શક અને ગૌરવ ધરનારું બને. એમના આસપાસના વાતાવરણમાં એક નવીન જાગૃતિ લાવી તેમનો પથ વધુ સુગમ અને ઉજ્જવળ બનાવે તેવી પ્રભુને પ્રાર્થના.

આવા સુંદર કાર્યક્રમની પ્રેરણા આયોજન અને સફળતા માટે પૂ.શ્રી મા પ્રભુનો ખૂબ ખૂબ આભાર. તેમના ચરણોમાં કોટિકોટિકોટિ પ્રણામ. આવેલાં સહુ બાળકો માત્ર અભ્યાસમાં જ નહીં, જીવનમાં પણ સર્વોચ્ચ શિખરો સર કરે તેવા નિહિત આશીર્વાદ પણ તે સહુને આ તીર્થના પ્રાંગણમાંથી સાંપડ્યા જઇ. સંતભૂમિનું, સ્વર્ગારોહણતીર્થનું અને સર્વમંગલચેરીટેબલ ટ્રસ્ટનું આ ત્રિવેણી સંગમ જેવું સર્વોત્તમ કાર્ય ખૂબ ખૂબ સફળતાને વરે એવી આપણા પૂ.શ્રી પ્રભુ અને પૂ.શ્રી માના ચરણે પ્રાર્થના.

# પૂ.માના સાન્નિધ્યે શું પમાયું?

**–નીતી ભટ્ટ (અમેરિકા)**

મા દરેક બાળકને કેટલો બધો પ્રેમ કરે છે! દરેક બાળક તેમનું સાન્નિધ્ય પ્રાપ્ત કરે તે માટે તે સતત મથતાં રહે છે. હે મા, ધન્ય છે તમારું માતૃત્વ!

ગઈ કાલે રાતના માએ પોતાની સ્લેટને નિમિત્ત બનાવી એક અમૂલખ શીખ આપી! માતા પિતાની સેવા! કેટલું સરસ ઉદાહરણ આપી અમને સહુને એ વાત સમજાવી. કદાચ ઉંમરની મર્યાદા રાખી પોતાની સગી મા પણ કોઈ શીખ આપતાં સંકોચ અનુભવે, પરંતુ માએ ખૂબ જ નિખાલસતાથી એ વાત સમજાવી. મારી જાણે આંખો ઉઘાડી.

આજે સવારે માએ અમને ઉપાસના અર્પિતા અને કેતના બેન સાથે પ્રણામ કરવા પોતાના નિવાસમાં આવવા સૂચન કર્યું. ખૂબ જ સરસ હૃદયસ્પર્શી ભજનો મા પોતાના ipod માં મૂકી અમને પ્રણામ કરવા પ્રોત્સાહિત કરતાં હતાં. આ ભજનો વડે મા જાણે વારંવાર કહેતાં હતાં કે આ મહામોંઘું જીવન આપણને મળ્યું છે તો શું એ આમનું આમ જવા દેવાનું છે? ના. આ જીવન વડે જીવન દેનાર પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કરવાનો છે! કેટલું ગૂઢ રહસ્ય સંગીત વડે, પ્રણામ દ્વારા મા આપણા સહુના લાભાર્થે જાણે ઉકેલી રહ્યાં!

નમ્રતાની મૂર્તિ એવાં શ્રીમા પ્રણામ પછી કહે 'આપ સહુ આવ્યાં તો આજે માએ વધારે પ્રણામ કર્યાં!' મેં મનોમન શ્રીમાને વંદન કરતા કહ્યું 'હે મા! આપે કૃપા કરી આપની પાસે બોલાવ્યાં તો મેં આટલા પ્રણામ કર્યાં! નહીં તો મારી શું વિસાત?'

જે બાળકો મા પાસે ન આવી શકતાં હોય તે બાળકોને મા ખૂબ



યાદ કરે છે! અને મા તેમની ચિંતા પણ કરે છે! ક્યારે આવી શકશે આ બાળક મારી પાસે? એ દિવ્ય અલૌકિક માતૃત્વને વંદન!

શ્રીમાએ ગઈ કાલની માતા પિતાની સેવા કરવાની વાત પર ફરીથી ભાર મૂક્યો. હે મા! 'Thank you'. તમે અમને જગાડ્યા. અમને સદાય આવી રીતે જગાડતાં રાખજો. માએ કહ્યું કે 'વૃદ્ધ માતા પિતાને સામેથી પૂછવું કે તમને અમે શું આપીએ?' એમની હાશ લેવી, ૫૦–૬૦ વર્ષનાં માતા પિતાને ૫–૬ વર્ષના બાળકની પેઠે સાચવવાં. દીકરી હોય કે દીકરો દરેક જણે પોતાના માતા પિતા ની સેવા કરવી જોઈએ.

પ્રભુએ પોતાના પ્રવચનમાં એક સરસ વાત કરી હતી! પરદેશ પ્રવાસના ઉદાહરણ દ્વારા પ્રભુએ એક સચોટ વાત કહી બતાવી. પ્રભુ કહે પરદેશ જવું હોય તો પાસપોર્ટ જોઈએ. એટલું જ નહીં, જે દેશમાં જવાના હોઈએ તે દેશનો વિઝા પણ જોઈએ. એ બંને મળે તો ટીકીટ લઈને પરદેશ જવાય. તો આપણું આ માનવ જીવન એ આપણો પરદેશ એટલે કે 'પરમ' દેશ જવાનો પાસપોર્ટ! શ્રીમા ભગવતી એક સમર્થ સદ્‌ગુરુ સ્વરૂપે આપણને યાદ કરે અને પોતાની પાસે બોલાવે તો એ આપણા વિઝા મળ્યા એમ સમજવું. હવે સંતની શરણાગતિ સ્વીકારી એમનું સતત ચિંતન કરવું એ ટીકીટ લઈ પ્લેનમાં બેસી જવા બરાબર છે. એના વડે જીવ પરમધામમાં પહોંચી અખંડ આનંદનો અનુભવ કરે છે. તો હે મા ભગવતી! તમારી અનંત કૃપાનો પ્રસાદ આ બાળક ઝંખે છે. કોઈ પણ લાયકાત વિના આ બાળક કેવળ તમારું સાન્નિધ્ય (અખંડ સાન્નિધ્ય) ઝંખે છે. તો તમે એ કૃપા કરી દો અને આ જીવનને તમારા પ્રેમથી પરિપ્લાવિત કરી દો. પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**જય કૃપાળુ મા**

# પૂ.માની વિદેશોમાંની યાત્રા(૨)

—મા સર્વેશ્વરી

**લંડનથી જ્યુરીક. યોગેશ્વરાય નમઃ**

**તા.૨૮/૦૬/૨૦૧૧**

હે સર્વસમર્થ સદ્‌ગુરુ ભગવાન! આપના પાવન ચરણકમળમાં લક્ષકોટી પ્રણામ, પ્રણામ, પ્રણામ. અમારા લક્ષકોટી જન્મોના અપરાધો ક્ષમા કરી દર્શન દઇ સમાવી લો આપનું અખંડ સમર્પણ ધરી દો. નિત્ય અખંડ દર્શન, નિત્ય અખંડ સાંનિધ્ય ધરી દો.

જ્યાં પણ જવાનું છે, ત્યાં નિયમ જ અંગરક્ષક બનીને પડખે રહેશે, એવું સમજીને માએ ગઇકાલે ૧૧ વાગે રાતે જ્યારે યાત્રા પ્રારંભ પામી ત્યારે સૌને યાત્રામાં દરરોજ ત્રણવાર વરદ હસ્તની પ્રાર્થના ગાવાનો નિયમ આપ્યો હતો.

ગઇકાલે બધા પ્રવાસીઓ સાથે મા પણ હરોળમાં હતાં. એક દશ વર્ષનો બાળક સતત રડતો હતો, ને સતત દૂર ઉભેલા તેના સ્વજનોને જોતાં જોતાં આવજોનો અભિનય કરતો હતો. વિખુટા પડવાની કેવી વેદના હતી તે આ બાળકના આંસુ કહી રહ્યાં હતાં. વારેવારે ઉંચો થઇ થઇને પોતાના સ્વજનને ધરાઇધરાઇને જોઇ લેવાના એના પ્રયત્નો આંસુ સાથે ચાલુ જ હતા.

મા વિચારતાં હતાં કે માને પણ માનવદેહમાં સ્થાપીને પ્રભુ પણ આ રાખે.

દૂર દૂર ઉભા રહીને બાળકને જોતા હશે કે એ જીવ મને જુએ છે કે? એ જીવને મારી જુદાઇનું દુઃખ છે કે કેમ? એ જીવ



મને યાદ કરે છે કે કેમ?

માતાના ગર્ભમાં શયન કરી રહેલા આપણને ક્યાં ભાન, જ્ઞાન, સાન હતી કે આપણે પ્રભુનાં ધરાઇ ધરાઇને દર્શન ન કરી લઇએ, આપણને વિખુટા પડવાનું દુઃખ પણ પડ્યું હશે કે? પ્રભુ આપણાને યાદ કરે તે રીતે આપણે જ પ્રભુને યાદ કરીને હવે પ્રભુ વિના જ ના રહેવાય એવું કંઇક કરી દઇએ.

જો એવું માનવદેહના પ્રવેશ દ્વારે જ જો આપણને થયું હોત તો તો આ આખા સંસારની ભ્રમજાળ જ કપાઇ જાત ને ગર્ભમાંથી પૃથ્વી પટે પ્રગટતાં જ મુક્ત દશા પામ્યા હોત.

પણ એ રીતે જાગ્યા ન હતા. પ્રભુને ધરાઇ ધરાઇને દર્શન કરવાનું ચૂકી ગયા હતા. એટલે જ હવે સાધના વ્રત, તપ, જપ જે કંઇ થતું હોય તે કરી લેવાનું છે.

એરપોર્ટનો આ દશ વર્ષનો રડતો બાળક માને આ રીતે જગાડી ગયો છે.

લંડન ૨॥ કલાક મંત્રજપમાં વીતી ગયા. કારણ તા.૨૮ની માળા પ્રારંભ પામી હતી.

લંડનના એરપોર્ટ પર ભારતના મોટા રેલ્વે સ્ટેશન કરતાં પણ અનેક ગણી ભીડ, પણ શાંતિ, સ્વચ્છતા, શિસ્ત સહજ જોવા મળે.

ભારતીય બેનો ચાંદલા, બંગડી બુટ્ટીવાળી એરપોર્ટ ઉપર સફાઇનું કામ કરતી પણ જોવા મળે. અરે, પ્રવાસીઓમાં પણ ઘણા ભારતીય જોવા મળે.

ઇંગ્લેન્ડ—લંડન સાથેના ભારતના જૂના સગપણ વચગાળામાં વેરભાવમાં ઝબોળાયા. તે જ સંબંધો પાછા અહીં તાજા થતા હોય

તેમ અનેક ભારતીયો અહીં વસ્યા, સ્થિર થયા છે.

એરપોર્ટ ઉપર તો તેની ઝલક હોય જ ને!

ફરી પાછા જ્યુરીકના પ્લેનમાં સૌ બેઠા. માત્ર એક—દોઢ કલાકની જ યાત્રા હતી.

મા આ યાત્રામાં પણ બેઠાં બેઠાં જ વિશ્રામ કરી લે છે.

જ્યુરીક ઉતરી ગયાં.

અરે, અહીં તો આ સ્વીટ્ઝર્લેન્ડની ધરતી છે. પ્લેનમાંથી ચાલ્યા, દાદર ચઢ્યા, ઉતર્યા. અરે, ટ્રેઈનમાં બેઠા ને તે પછી ઈમીગ્રેશન, કસ્ટમ, બેગ લેવાનો વિભાગ શરૂ થાય.

પ્રથમવાર આ રીતે પ્લેનમાંથી ઉતરીને ટ્રેઈનમાં બેસીને ઈમીગ્રેશન માટે જવાનું.

ટ્રેઈનમાં ખૂબ શાંતિથી ચઢવાનું પગથિયાં ના હોય. ભીડ, ગંદકી, ઘોંઘાટ, ધક્કમૂક્કી, બૂમાબૂમ, દોડાદોડ કશું જ નહીં.

જાણે બધા જ પ્રવાસી વિશેષ વ્યક્તિ હોય તેમ દરેકને એવી વિશેષ સુવિધા.

સ્વીટ્ઝર્લેન્ડની ધરતી ઉપર ઈમીગ્રેશનમાં એકપણ પ્રશ્ન ના પૂછ્યો. ના, એક પણ નહીં.

પાસપોર્ટ જોયો ને સિક્કો લગાવી દીધો.

સાથેના દરેક જુદી જુદી રીતે જુદાં જુદાં કાઉન્ટર પર હતાં. તે સૌને એક બે પ્રશ્નો તો પૂછ્યા જ.

એકપણ પ્રશ્ન વિના શ્રી હરિએ માને આ સ્વીઝર્લેન્ડની ધરતી ઉપર ઉતર્યાં.

સૌએ બેગ લીધી કસ્ટમ વિભાગમાં પણ કોઈ ઓફિસર કે કોઈ ફોર્મ કે કોઈ મશીનમાં બેગ મૂકવાનું કશું જ નહીં.



જાણે જાનૈયાની જેમ સૌ કરીને પસાર કરે.

બહાર આવી ગયા તો સામે જ રેલ્વે સ્ટેશન. સ્વચ્છ, શાંત, આધુનિક. અહીં આ દેશના ચલણની નોટ સૌ વતી શ્રી વિનોદભાઈ લે છે. આજથી ૧ મહિનો ચાલે તેવી ટ્રેઈનની ટીકીટ ને પાસ પણ ખરીધ્યાં છે.

હવે ટ્રેઈનમાં ૧૦ બેગ, ૧૦ હેન્ડ બેગને નાના નાના રમકડા જેવાં પર્સ કે બેકપેક તો જુદાં. બધા જ શસ્ત્ર સરંજામ સાથે ટ્રેઈનમાં બેસવાનું હતું.

પણ ખૂબ શાંતિથી બધી જ બેગો મૂકી ટ્રેઈનમાં પણ પ્લેન કરતાં સારી સીટ, શાંતિ, સ્વચ્છતા ને ભીડનો પૂર્ણપણે અભાવ.

જ્યુરીક એરપોર્ટથી ટ્રેઈનમાં બેઠાં ને ત્રીજા સ્ટેશને ૧૧ મીનીટમાં તો ઉતરી ગયાં.

દશ મીનીટ બેગ સાથે જ ચાલ્યાં, ત્યાં વિશ્રામ સ્થળ આવી ગયું.

## Hotel Continental

પ્રવેશતાં જ એપલજ્યુસની મોટી બોટલ—બરણી જેવી જેમાં ૬૦, ૭૦ ગ્લાશ જ્યુસ હશે તે સ્વાગતમાં જોવા મળી.

આપણી મંડળીએ ભરપેટ જ્યુસ પીધો. ગઈ કાલે પ્લેનમાં પણ શાકહારી ભોજન, તે રીતે, લંડનના એરપોર્ટ ઉપર પણ ઘરનો સૂકો નાસ્તો સૌએ લીધો હતો. અન્નદેવની પૂર્ણ કૃપા આપણી મંડળી ઉપર હતી. તેમાં જ્યુસે પૂર્તિ કરી.

ના રે ના જ્યુસથી તો સ્વીઝર્લેન્ડની ધરતી ઉપર આજના શ્રી ગણેશ મંડાયા. અહીંથી ૧૫ મીનીટ ચાલો એટલે યુરોપનું જૂનામાં જૂનું ૧૦૦ વર્ષ જૂનું શુદ્ધ શાકાહારી ભોજનાલય આવેલું

છે. નામ છે તેનું HTML.

આપણી મંડળી રૂમમાં બધો સામાન મૂકીને અન્નદેવની આરાધના–પૂજા માટે સમયસર પહોંચી ગઇ. શીખંડ, રસગુલ્લાં, ગુલાબજાંબુ, જાતજાતના શાક, ભાત, પાપડ, ચટની અરે વિવિધ જાતની કચૂંબર. સ્વીર્ઝલેન્ડની ધરતી ઉપર આ બધી જ વાનગીઓના દર્શનથી તૃપ્ત થઇ ગયાં. જેને જે જે રૂચે તે તે લીધું છે.

સ્વીટ્ઝર્લેન્ડની પ્રજા પણ એમાં નિયમિત ભોજન લેતી હોય છે. એટલે ભીડ તો હતી. જેમ જેમ ટેબલ ખાલી થાય તેમ તેમ વારો આવે.

શાકાહારીની સંખ્યા વધે તે તો વધાવવા જેવી વાત છે. યુરોપના આ જાણીતા ભોજનાલયમાં વિવિધ શાકાહારી વાનગીના છપ્પન ભોગ જાણે સહજમાં સુલભ હતા.

યુરોપ યાત્રામાં શુદ્ધ શાકાહારી મળે તે તો પ્રભુની જ કૃપા ગણી શકાય.

આપણી ભક્તમંડળી ભોજન પામીને પ્રસન્ન થઇ ગઇ. આજની લાંબી યાત્રાનો બધો જ પરિશ્રમ ભૂલાય ગયો. ૧૮ કલાકની યાત્રાનો પરિશ્રમ ઉતારવાની શક્તિ આ શાકાહારી થાળીમાં હતી. એવું નોંધી શકાય.

આજે જ્યુરીકના એરપોર્ટ ઉપર ૧૫ દિવસ ચાલે તેવી ટીકીટ લેવાની હતી તેમાં પણ આપણાં નામ, પાસપોર્ટ નંબર જરૂરી હોય છે. એક નાનકડા પાસપોર્ટ જેવું જ કવર, જેમાં દરેક દિવસની જુદી જુદી ટીકીટ સરસ રીતે ગોઠવીને કાઉન્ટર ઉપરથી આપણને મળે.



અરે, એમાં પણ કાઉન્ટરના ઓફિસર સહાયક થતા હતા. ‘‘તમે આ રીતે ટીકીટ લો તો તમને ઘણું સસ્તું પડશે.’’

એટલે કે સ્વીઝર્લેન્ડની ધરતીના ઓફિસર પણ કેવી સરસ રીતે સહાયક થઇને પ્રવાસીઓના સાચા સ્વજન મિત્ર બની ગયા તે પણ એક નોંધપાત્ર વાત છે.

મા એ વાત જાણી શ્રી સુરેશભાઇ પરીખને પાછા કાઉન્ટર ઉપર મોકલે છે. મા સૂચના આપે છે, જાવ કહો.

કેનેડા, અમેરીકા, ભારતના અમે સૌ અમારા દેશવતી તમારી આ મદદ માટે ખાસ આભાર માનીએ છીએ અમે સ્વીટ્ઝર્લેન્ડની આવી સરસ સુગંધીત વાતોની છાપ લઇ જઇશું અમારા દેશે પણ.

શ્રી સુરેશભાઇ તરત જ જઇને ખાસ કહી આવ્યા તે ઓફિસરબેનને પણ ખૂબ આનંદ થયો.

વિશેષતાને સત્વર વધાવવી. એવું મા માને છે.

અહીં હોટલમાં આવી થોડી નોંધ કરી. ૩૩૪ માળા આજની અહીં પ્રવેશતાં જ પૂર્ણ થઇ હતી.

સ્નાન કરી ૧૦૦ પ્રણામ કરી આજની વિગતવાર નોંધ શ્રી હરિએ કૃપા કરી લખાવી છે.

આજે માને તો નિર્જળા છે. ગઇકાલે અમેરિકાના ૬॥ વાગ્યે સાંજે ફળાહાર લીધો હતો. ૨૪ કલાકે તે પૂર્ણ થશે.

અહીં એરપોર્ટ ઉપર જ ફળદૂધનો સ્ટોર હતો એટલે જરૂરી ફળો ને શુદ્ધ ભેળસેળ વગરનું એટલે કે એક પણ વીટામીન ઉમેર્યા વગરનું શુદ્ધ દૂધ સરોજબેન શ્રી ભગવાનજી સાથે જઇને લઇ આવ્યાં હતા.

શ્રી હરિ સ્વજનોના ભોજનની ચિંતા કરે તો માના ફળાહારની પણ સર્વશ્રેષ્ઠ કરેજને!

જેમ સ્વજનો શ્રીહરિને પ્રિય છે. પસંદગી પામ્યા તેનો અર્થ શ્રી હરિના પોતાના છે. તે રીતે મા પણ શ્રી હરિને પ્રિય જ છે ને, એટલે બધું જ શ્રી હરિ માથી દશ ડગલાં, વીસ ડગલાં નહીં એક માસ કે એક વર્ષ કે એક જન્મ પહેલાંની બધી જ માવજત, ચિંતા, સંભાળ અનંત યુગોથી અનંત જન્મોથી લેતા આવ્યા છે.

મા એ વાત સમજે છે, માટેજ આ જન્મને હરિનામે મઢીને સર્વ કરજમાંથી મુક્ત થઈ જવાનું છે. દર ત્રીજા દિવસે એક લાખ મંત્રજપ શ્રી ચરણે ધરીને જાણે નિત્ય મંત્ર દિવાળી ઉજવવાની છે.

શ્રી હરિના અનંત ઉપકારો છે, સમર્થનું છત્ર અખંડ સ્મરણમાં રહે ને શ્વાસે શ્વાસે હરિનામ, હરિને પ્રણામ થતા રહે તો પણ અનંત યુગો સુધી ના ચૂકવાય. હે મારા નાથ! પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# પૂ.મા સર્વેશ્વરીની કલમે—અમૂલ્ય જીવનમાં આચરવા જેવી વાતો

સંકલન : **મયૂરી ટેલર, —તંત્રી**

(આત્મસંયમ યોગના પૂ.શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનના અનુસંધાનમાં જે કેટલીક વાતો પૂ.માએ કરી છે તે ખરેખર જીવન—ઉપયોગી છે. તેની અક્ષરઃસહ નોંધ શ્રી મયૂરીબેન ટેલરે કરી છે.

આશ્રમમાંના અને ઘરના જીવનમાં શું ને કેવો ફરક છે તે પૂ.માએ સરસ રીતે દર્શાવ્યું છે. આશ્રમ જીવનની તે વાતો ઘરના જીવનમાં પણ આચરવામાં આવે તો તેનાથી ઘરનું જીવન પણ જરૂરથી સુધરે. એટલે બીજા વાંચકોને પણ તે ઉપયોગી બને તેવી વાત છે.

આ ઉપરાંત પૂ.માએ ''ખસી જાઓ''ની જે વાત વિસ્તારથી સમજાવી છે, તે સંસારી, માનવોએ પણ જીવનમાં આચરવાથી ઘણી બધી માનસિક સમસ્યાઓમાંથી મુક્તિ મળી જશે, કારણ વગરનાં ઘર્ષણોમાંથી ઉગરી જવાશે.

શાસ્ત્રોના ઉપદેશોને સરળ ને સીધી ભાષામાં પૂ.માએ સમજાવ્યાં છે, તે સહુએ વિચારી જીવનમાં આચરવા જેવાં છે.)

—તંત્રી

**તા.૦૩/૧૨/૨૦૧૨**

(આત્મસંયમ યોગ—પ્રવચન—મનોનિગ્રહની વાત કરતાં પ્રભુએ કહ્યું, આત્મવિચાર, ધ્યાનથી અને સમર્પણભાવથી પ્રભુને પામી શકાય. ભાગવતમાં કુબ્જાનો પ્રસંગ આવે છે. પ્રભુએ

શ્રીકૃષ્ણ(અહીં આખો પ્રસંગ લખ્યો નથી) કુબજા (ત્રિવક્રા) પર કૃપા કરી અને તેને સર્વાંગ સુંદર બનાવી તો પ્રભુના ઉપકાર બદલ, કુબ્જાએ પ્રભુને જીવન સોંપ્યું. એ વાતને યાદ કરતાં માએ કહ્યું, કે કુબજા જેમ પ્રભુના પગલે ચાલી તેમ, તમે બધા પણ તે રીતે ચાલવાના પ્રયત્નો કરો, તે સંદર્ભમાં મા કહે છે.)

પૂ.મા :–

—ઘરે જીવીએ છીએ તેના કરતાં થોડું પોલીશવાળું જીવન અહીં જીવીએ છીએ.

—ઘરે અપશબ્દો પણ બોલતા હોઇશું, પણ અહીં શ્લોક જ બોલીએ છીએ.

—ઘરે ભોજન સમયે ના ભાવ્યું, તો પીત્તો ઉછળતો હશે, પણ અહીં જે મળે તે બધું ભાવે છે.

—ઘંટ વાગે એટલે આવીને બેસવું ગમે છે(સત્સંગી બેઠકમાં)

—ન્યુઝ પેપર, ટી.વી. વગર ચાલે છે.

—ઘરે હોઇએ તો બજારના ભોજનથી આરોગ્ય બગાડીએ છીએ. અહીં આરોગ્યની પણ રક્ષા થાય છે.

—પૂ.શ્રીનો સૂક્ષ્મ સ્પર્શ અને પૂ.શ્રીની સૂક્ષ્મ હાજરી આપણને સુધારતી રહે છે.

—જાણીતા કે અજાણ્યા જે કોઇ અહીં (સ્વર્ગારોહણમાં) પ્રવેશે તે હાશ અનુભવે છે.

—આ બધું આપણે ત્રિવક્રામાંથી સુંદરી થઇ રહ્યા છીએ તેની નિશાની છે.

—ટકોરા પડે એટલે ગમે ત્યાં, ગમે તે કામ કરતા હોઇએ તો પણ કેવા હાથ જોડાઇ જાય છે?

—હવે ધીમેથી બોલવાની ટેવ પણ અહીં પડી રહી છે.

—આપણો જીવન વ્યવહાર જ તીર્થને તીર્થ બનાવે છે.

—આપણે હજી ઘણીવાર ચૂકી જઇને છીએ.



—ઓટલે બેઠા હોઇએ, ને કોઇ અજાણ્યું આવે તો તે સર્કસનું પ્રાણી હોય તો તમે જોયા કરો. તેવી રીતે તમે જોયા કરો છો.

—ચૂકી જઇએ છીએ.

—ઓટલેથી ઉભા થઇને તેની પાસે પહોંચતા નથી, તેનો સામાન પણ ઉંચકતા નથી.

—આવી કેટલીક જડતા છે તે પણ ખંખેરવાની છે.

—જ્યાં ત્યાં થૂંકવાની ટેવથી પણ આપણે જાગતા થઇ ગયા છીએ.

—આટલી સ્વચ્છતા આપણી સૌની શિસ્તતાને લીધે આવી રહી છે.

—જાણે આપણે પણ બધા ડાહીમાના દીકરા સ્વર્ગારોહણમાં છીએ ત્યાં સુધી તો બની જઇએ છીએ!

—પછી પણ બનવાના પ્રયત્ન કરવા.

—પૂ.શ્રી સાથે અમારી જે જે યાત્રા થઇ તેમાં બધે જ રાજમહેલનાં સુખ ન હતા.

—સરકારી ગેસ્ટહાઉસમાં કેટલીય મુશ્કેલીઓ વચ્ચે ઉતરવાનું બનતું.

—પણ પૂ.શ્રી ''હર હાલમેં ખુશી''

—કેટલીયે જગ્યામાં એવા ઉતારા હતા. જ્યાં બાથરૂમમાં પાણી પણ ન આવતું હોય.

—વીનુભાઇ જેવા કે કલ્યાણજી જેવા બહારના નળથી ડોલ ભરી આપે–ને તેને પૂ.શ્રીના રૂમ સુધી પહોંચાડે.

—પ્રત્યેક પરિસ્થિતિને પ્રસાદ માનવાની એમની જીવનપદ્ધતિ હતી.

—પ્રત્યેક પરિસ્થિતિને પ્રસાદ માનવાની એમની જીવનપદ્ધતિને જોવાનું પરમભાગ્ય અમને મળ્યું.

—કેટલી બધી સાદાઇ છતાં કેટલી બધી સ્વચ્છતા!

—પૂ.શ્રીની ઘણી વાતો કલ્યાણજી પાસે છે.

—પૂ.શ્રી જાણે પોતે જ જીવતી પાઠશાળા જેવા!

—એમનું ચાલવું, બોલવું, જીવવું સઘળું બોધ ધરનારું હતું.

—જીવન જીવવાની સર્વોત્તમ સમજ એમનામાં હતી.

—માતાજીની અદ્ભુત સંભાળ, સેવા, નિર્વ્યાજ પ્રેમ!

—સાથે રહેનારા—એમને પણ જાણે ફૂલની જેમ સાચવ્યાં!

—જીવતા દેવની જ ઉપાસના કેવી રીતે થાય તે પણ એમના જીવન દ્વારા બતાવ્યું.

—એક પૂર્ણ પુરુષનાં સઘળાં લક્ષણોથી સંપન્ન હતા.

—એમની કૃપા, એમના આશીર્વાદ, એમની હાજરીથી જ સ્વર્ગારોહણ આજે જે કાંઇ છે, તે એમનો જ પ્રસાદ છે.

—એટલે આપણે પ્રવેશતાં (સ્વર્ગારોહણમાં) એમને જ વંદન કરીએ, એમને જ મળવાનું!

—પૂ.શ્રીની જ આવી યોજના હશે, વૃક્ષોની છાંયડીમાં બેઠક થાય. (સ્વર્ગારોહણમાં કુટિયાની સામે જ કુદરતી વાતાવરણમાં વૃક્ષોની વચ્ચે સત્સંગની બેઠક ચાલી રહી છે.)

—જાણે આપણા સૌને અદશ્ય રીતે એ જ દોરી રહ્યા છે.

—આંખ ઉઘાડી રાખીને યાદ રાખવું પડે કે આ બધું જ તીર્થદેવતાને લીધે જ થઇ રહ્યું છે.

—પૂ.શ્રીનું પ્રવચન—આત્મસંયમ યોગ.

—પૂ.મા કહે છેઃ—જીવનને દરેક દિશાથી સજાવવાનું કામ એકસાથે કરવું પડે.

—આજનું પ્રવચન બધાંને સમજાય તેવું હતું.

—માતાજીના અંતિમ દિવસોની વાત હતી.(પ્રવચનમાં)

—માતાજી તે દિવસોમાં જે કોઇને જે જે કહેતાં તે તે તારીખ સાથે—વ્યક્તિના નામ સાથે માએ નોંધ્યું છે.



—માતાજીના જીવનની એ સોનેરી શીખ ધરતી ક્ષણો હતી.

—પૂ.શ્રીએ યોગશાસ્ત્રો જીવી બતાવ્યાં ને પછી વાણી દ્વારા વહેતાં કર્યાં.

—સાધનાની કેવી સરસ—સીધી ને સાદી વાત પૂ.શ્રીએ આપણને સમજાવી?

—જીવી બતાવીને કહેવું ને જીવ્યા વગર કહેવું બંનેની અસર આકાશ—પાતાળ જેવી છે.

—કરી બતાવવું પડે, જે કહીએ છીએ તે. પછી જ કોઇને કહેવાય.

—આપણા સ્વર્ગારોહણમાં પણ તેના પ્રયોગો મા પણ કરે છે, ને કરાવે છે.

—ધારો કે આપણે જાણી લીધું કે આ વ્યક્તિ અમુક નબળાઇથી જીવી રહી છે, તો તે વ્યક્તિથી દૂર રહેવું.

—તેને પાસે ના આવવા દેવી, ને આપણે મૌન રહીને ખસી જવું.

—આ વાર્તા અમે પોતે પૂરા એક વર્ષથી કરી રહ્યાં હતાં, છેક આ બારમા મહિનામાં સૌને માએ કહ્યું કે મૌન રહીને ખસી જાવ.

—એવી વાતો વચ્ચેથી ખસી જાવ,

—એવા સ્થળો વચ્ચેથી ખસી જાવ,

—એવાં પ્રસંગો વચ્ચેથી ખસી જાવ.

—જ્યાં આપણી જરૂર નથી, ત્યાંથી ખસી જાવ.

—ખસવાનું અઘરું છે. તરત જ અહંકાર આવે. હું શા માટે ખસી જાઉં? હું જ તેને સીધો કરી દઉં! વાણીથી, પ્રહારથી, અપમાનથી—અહંકાર એવું બધું કરાવે.

—તેના કરતાં મૌન રહીને ખસી જવું.

—તે કાળક્રમે સમજી જ જશે, ને સુધરશે.

—તે ના સુધરે આ જન્મે તો પ્રભુની ઈચ્છા હશે ત્યારે સુધરશે.

—પણ આપણે તો મૌન રહીને, રાગ—દ્વેષ છોડીને ખસી જવું.

—એ રીતે ખસતાં ખસતાં હરિની પાસે પહોંચી જવું.

—ખસી જવું ને હરિ સમીપે વસી જવું.

—કશાકથી પણ ખસી તો જઈએ. પણ કશે વસવું તો પડે જ, તો હરિ સમીપે ના વસીએ.

—એક પાડોશી ન ગમે તો ઘર બદલીએ અને બીજે વર્ષે બીજા પાડોશી. ને ત્યાં વળી બીજા પાડોશી મળે, પણ તે પાડોશી હરિના હોય તો વાંધો નહીં.

—ઘરમાંથી પણ તમારે એવા કોઈ પ્રસંગો વાદવિવાદના બને ત્યારે ખસી જવું, મનથી.

—બિસ્તરા પોટલા બાંધીને નહીં.

—માત્ર મનથી ખસી જવું. ને તરત જ મનની ટ્રેન પકડીને, મૌન રહીને આ શાંતિનીકેતનની (સ્વર્ગારોહણની) બેઠકમાં હાજર થઈ જવું.

—માએ ભણાવ્યું છે કે ખસી જવું મનથી ને સમય આવ્યે તનથી પણ. બે—પાંચ દિવસ માટે અહીં હવાફેર માટે આવી જવું.

—ઘરમાં કહી દેવું કે મારા ફેમીલી ડોકટર માએ લખી આપ્યું છે કે હવાફેર માટે સ્વર્ગારોહણ જવાનું છે!

—સગાવહાલાં પૂછે, ‘‘ક્યાં જઈ આવ્યો?’’

—હવાફેર માટે!

—વડોદરામાં નેચરોપથીના કેન્દ્રમાં તો રોજના રૂા.૨૦૦/— હશે! (આપણા સ્વર્ગારોહણમાં ૩૦ રૂ/—)

—આપણાં સગાવહાલાંને કહેવું કે ૩૦ રૂપિયામાં હવાફેર કરી આવ્યા. ૩૦ રૂપિયામાં જ આ થેરાપી છે.



—એવા સૌને પટાવી પટાવીને પ્રેમથી વાતો કરતાં કરતાં ત્યાંથી ખસી જવાનું શીખી લેવું.

—આપણા વડીલોને પણ અહીં સ્વર્ગારોહણની ઓફિસમાં જઈને સલાહ આપવાની ટેવ હોય તો ખસી જવું.

—કુટિયામાં હરિ સમીપે બેસી જવું, જે વિષય આપણો નથી તેમાંથી ખસી જવું.

—એક કાકા કહે, ‘‘માએ આવા બધાં ક્યાંથી ભેગા કર્યા છે?

—અરે, અમે ક્યાં કર્યા છે?

—આ તો બધો હરિનો માલ છે.

—આ બધું પ્રકાશના પંથના પરિવારનું મોટું કારભારું છે.

—પ્રકાશપંથે ગ્રંથ જ ના હોત તો આપણે ક્યાં જાગવાના હતા!

—એક—બે પાનાં વાંચ્યા, વાંચીને જાગ્યા છે, તો બધા પૂ.શ્રીના નામે ભેગા થયા છે.

—માએ કોઈ ટોળાં ભેગાં નથી કર્યાં. નહીં તો સ્વર્ગારોહણ નાનું પડત!

—જે છે તે બધાં જ હરિની પસંદગીના છે.

—મા તો આંગડિયા સર્વિસ છે. શેઠને જે કહેવું હોય તે ઉપર જઈને કહો. તેને કહો તમે કેમ આવા બધાં ભેગા કર્યા છે?

—ફરિયાદ હરિની ઓફિસમાં કરો.

—વૃદ્ધો વડીલોની આ કુટેવ છોડવા જેવી છે. ને ના છૂટે તો સ્વર્ગારોહણ છોડો.

—આ વાતાવરણને તમારી કુટેવથી ના બગાડશો. હે વડીલો! સમજો, નિયમ લો કે અહીં મૌન રહીને ખસી જવાનું છે. આ કુટિયા તમારા માટે જ બાંધી છે.

—હરિ સમીપે બેસવા માટે ૨૪ કલાક ખુલ્લી જ છે.

—અહીં ક્યાં આરતી કે દીવા—દીવી કે પૂજારીના પૈસા તમારે આપવા પડે છે?

—ખસી જાવ ને કુટિયામાં બેસી જાવ.

—અહીં આવવાનું છે ઉપર ઉઠવા માટે, ગટરમાંથી ગંગાસ્નાન કરવા માટે.

—જેવું છે તેવું જીવવાનું નથી. જરાક સારું. જીવવા માટે આવવાનું છે.

—જમીને તો આખું જગત બપોરે સૂઇ જાય. અહીં બપોરે સૂવા આવવાનું નથી.

—જરાક જાગો. કુટિયાની ફેરી કરો. આટલી મોટી જગ્યા છે, આંટા મારો, કંઇક વાંચો.

—ખાવું ને ઊંઘવું તો પશુઓ પણ કરે છે.

—માની વાત સમજાય છે?

—ઊંઘ આવે તો તે રૂમથી ને પલંગથી ખસી જાવ.

—કેટલા બધા જન્મોથી ખાવું ને ઉંઘવું બે જ નિયમો પાળ્યા છે.

—હવે જરાક ખસી જવાનો નિયમ શરૂ કરવો જોઇએ.

—કોલેજના બાળકોએ પણ આળસ આવે ત્યાંથી ખસી જવું.

—ખરાબ મિત્રોથી ખસી જવું.

—થિયેટરોથી ખસી જવું.

—લારીના પાઉંભાજીથી ખસી જવું.

—ઘરની ચોટલા પરિષદથી ખસી જવું.

—સાસુઓની કથાઓ ચાલતી હોય તો તે કથામંડપથી ખસી જવું.

—મતભેદ થતા હોય તો ત્યાંથી પણ ખસી જવું.

—કોઇ આપણું ના સાંભળે તો ત્યાંથી પણ ખસી જવું.

—અહંકારને ઓગાળવા માટે ખસી જવું. બરફ પર મીઠું



નાંખે, તેમ ઓગળી જવું !

—વડીલ છીએ એવા અહંભાવથી ખસી જવું.

—હું બધું જાણું છું એવા અહંભાવના ખ્યાલથી ખસી જવું.

—આપણા જેવા તો હજારો—કરોડો જ્ઞાનીઓ આવી ને પૃથ્વી પરથી ખસી ગયા છે.

—પ્રભુએ જ ખસેડી લીધા છે.

—આપણે પણ ખસતાં શીખી જવું, આજથી જ શરૂ કરો.

—અમે છેલ્લા એક વર્ષથી એવાં જે જે ક્ષેત્રો છે, તેમાંથી ખસી જવાના પૂરા પ્રયત્નો કરીએ છીએ.

—તો શાંતિ સલામત રહી છે.

—ફોનથી ખસી જવું, વાતોથી ખસી જવું, સ્થળોથી ખસી જવું. સલાહસૂચનોથી ખસી જવું, ટીકા—ટીપ્પણીથી ખસી જવું, વાદવિવાદથી ખસી જવું.

—મૌન રહીને જાતને બચાવી લેવી.

—અમે અમારી પ્રણામ મંડળીને કહ્યું છે કે સર્કસમાં પેલી સળગતી રીંગ વચ્ચે જે વ્યક્તિ ઉભી હોય તે કોઇને પાસે ના આવવા દે, ને તે પણ કોઇની પાસે ના જાય.

—કારણ કે બંને વાતોમાં જોખમ રહે.

—પાસે કોઇ આવે તો તે પણ સળગી જાય ને રીંગ માસ્ટર જો સામેથી કોઇ પાસે જાય તો તે પણ સળગે.

—માટે પાસે ના આવવા દેવું ને પાસે ના જવું, મૌન રહીને ખસી જવું.

—હિમાંશુભાઇ મનમાં કહેશે કે હું પતંજલિનાં મોટા મોટા લેકચર આપું છું તેમાં આવું તો કંઇ આવતું નથી.

—ખસી જાવ.(હાસ્ય)

—મંચ પર ચઢીને તરત જ ઉતરી જવું.

—ચઢવું પડે તો ચઢવું. પતંગ કેટલો ઊંચો ચઢે છે પણ પછી ધીમે ધીમે રહીને નીચે ઉતરી જાય.

—અમને તો આ ખસી જવાનો મંત્ર ખૂબ ગમ્યો છે.

—અને એક વર્ષથી એને જપીએ છીએ ખસી જાવ. ખસી જાવ. ખસી જાવ.

—૧૦૮ વાર દિવસમાં ખસી જાવ.

—તો એક માળા થઇ ગઇ—‘‘ખસી જવાની’’—એવું નહીં,—

—એક માળા જીવી ગયા!

—કોઇ પૂછે કે કેટલી માળા કરો છો? તો કહેવાનું એક જ માળા? અને તે હવે તો એક જ માળા જપુ છું. વેદ—આકાશ—દેવર્ષિને આજની બેઠકમાં શું સમજાયું? (ખસી જવું?)

—પરીક્ષામાંથી નહીં?

—જાતને બચાવી લેવી.

—ચારેબાજુ આગ જ લાગી છે, એમ માનવું ને આપણે આપણી જાતને બચાવી લેવી.

—આપણે જ બંબો છીએ ને આપણે જ ૧૦૮ બનીને નીકળી જવું.

—ઘરમાં મમ્મી—પપ્પા જોડે કોઇ ઉગ્ર ચર્ચા થાય ત્યારે મનથી ખસી જવું.

—અતિપ્રિય પાત્રોથી પણ ખસી જાવ ને અતિઅપ્રિય(ના ગમતા)—પાત્રોથી પણ ખસી જવું.

—અમે નાનપણમાં એક પાગલ બાઇ જોયેલી.

—તે એક જ વાક્ય બોલ્યા કરતી. એની ભાષામાં ચાલ્યા કો...ચાલ્યા કો...(એટલે કે ચાલ્યા કરો)

—એની ભાષામાં તે બોલતી ને સતત ચાલ્યા કરતી.



—તેમ આપણે પણ ચાલ્યા કરવું.

—ક્યાંય ના અટકવું.

—એક વર્ષનો અમારો અનુભવ કહે છે કે ખસી જવાથી ખૂબ શાંતિ રહે છે, હળવાશ રહે છે.

—આ બધા મંત્રો જીવી બતાવવાના છે.

—આ બધા મંત્રો જપતાં—જપતાં જીવી બતાવવાના છે.

—પરદેશમાં અમારા દેવાંગભાઇએ એક દિવસ માને વાત કરી હું હાઇસ્કૂલમાં હતો ત્યારે ખૂબ વાંચતો. ત્યારે એક વાક્ય વાંચેલું. —ભરેલી ડોલ હોય તેમાં મૂઠી વાળીને હાથ મૂકો તો પાણી તેટલી જગ્યા આપે. પણ હાથ લઇ લો તો પાણી તમારી તે જગ્યા પૂરી લે.

—એટલે આપણી ક્યાંય જરૂર નથી.

—આપણા વગર બધાને ચાલે છે ને ચાલશે જ.

—જીવતાં જ ખસી જવું.

—ગઇકાલે અમે તરલાબેનને કહ્યું, ‘‘આપણે રોજ જ આપણી સ્મશાનયાત્રા જોઇ લેવી. અને ગુજરી જવું.’’

—બધાં જ વળાવીને પાછા યથાવત જમશે, રમશે, હસશે ને જીવશે! એટલે ખસી જવું.

—બીનજરૂરી વાતો, બીનજરૂરી સલાહ, વાદ—વિવાદ—ચર્ચાથી ખસી જવાનું છે.

—માએ એવું નથી કહ્યું કે રસોડાથી ખસી જવું. જમી લો, પણ પલંગથી ખસી જાવ.

—અંબાજીના સંસારી રોડથી ખસીને આ બેઠકમાં સૌ વસી ગયા.

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) —શ્રી યોગેશ્વરજી

'અને વાંસળી? ગોપગોપીના મનને મોહિત કરનારી ને વૃંદાવનમાં જાદુ ભરનારી વાંસળીનું શું થયું? એ છે કે એક બાજુએ પડી રહી છે? એ હવે વાગે છે કે નહીં?

'તને એ નથી સંભળાતી?'

'સંભળાય છે. એના સ્વર મારા કર્ણે ને પ્રાણે રોજ અથડાય છે. છતાં પણ પૂછું છું.'

'એ રોજરોજ વાગી રહી છે પણ સૂક્ષ્મ રીતે, આત્માના આંતરપ્રદેશમાં. સ્થૂળ રીતે તો તારા વિના એને વગાડવાનો અર્થ શો? હવે તો એની સ્મૃતિજ શેષ રહી છે. અહીં, આ રાજસી વાતાવરણમાં, એને વગાડવાનો કશો અર્થ પણ નથી. તું મારી પાસે આવ, મને મળ, તો એ વાગે ને એના સુધામય સ્વર્ગીય સ્વરથી મારું સમસ્ત જીવન જાગી તથા ગાજી ઊઠે!'

રાધા વિચારમાં પડી ને પછી બોલીઃ

'મારે તને મળવાનું હોય કે તારે મને?'

કૃષ્ણે સસ્મિત કહ્યું :

'પ્રેમના પવિત્ર જગતમાં એવો પ્રશ્ન જ નથી ઊઠતો, સંસારમાં સરિતા સાગર પ્રત્યે વહે છે કે પ્રયાણ કરે છે ને વલ્લરી વૃક્ષ પર ચઢે છે એ સર્વવિદિત છે. એની સામે તારે કશું કહેવાનું છે?'

'મારામાં તારા જેટલી ચતુરતા છે જ ક્યાં કે હું કશું કહી બતાવું?



'હું ચતુર છું?'

'મારા કરતાં વધારે ચતુર તો ખરો જ. છતાં પણ પ્રેમના પવિત્ર જગતના નિયમો પાર્થિવ જગત કરતાં જરા જુદા છે. એ જગતમાં જેમ સરિતા સાગર પ્રત્યે વહે છે ને વલ્લરી વૃક્ષો પર ચઢે છે તેમ, સાગર કેટલીક વાર સરિતા પ્રત્યે પ્રયાણ કરે છે ને વૃક્ષો લાગણીવશ બનીને વલ્લરીને પોતાની ઉપર ચઢાવે છે.'

'ત્યારે તો તું મારા કરતાં વિશેષ ચતુર સાબિત થઈ.'

'એ તો તને મારી પાસે ખેંચી લાવું ત્યારે જ કહી શકાય. તે સિવાય નહીં.'

'તું યમુનાસ્નાન માટે તો રોજરોજ જતી હશે!'

'જઉં છું પરંતુ રોજરોજ નહીં. ત્યાં જવાથી તારી સ્મૃતિ વિશેષ પ્રબળ બને છે. સાચું કહું તો સમસ્ત વૃંદાવન તારી સ્મૃતિઓથી ભરેલું છે ને તારા વિના નિસ્તેજ બન્યું છે. એની ધરતીમાં હવે એટલો બધો રસ નથી રહ્યો. હું એની ઉપર જીવું છું ખરી પરંતુ જેમતેમ કરીને.'

'ત્યારે તો મેં તારા જીવનને દુઃખી બનાવી દીધું. નીરસ કર્યું. એના કરતાં તો તારા જીવનમાં ના આવ્યો હોત તો સારું હતું.'

રાધા તરત બોલી :

'બિલકુલ નહીં. એવો વિચાર વળી તને ક્યાંથી આવ્યો?' તારા આવવાથી તો જીવનને જીવન મળ્યું. જીવન જીવન બન્યું. તેં મારા જીવનને નીરસ તથા દુઃખી નથી કર્યું પણ સરસ અને સુખી કર્યું છે. તે એમાં ચેતન ભર્યું છે. એના રહ્યાસહ્યા તિમિરને નષ્ટ કર્યું છે. તારું આગમન એવી રીતે આશીર્વાદરૂપ થયું છે.'

'મારા આવવાથી તને શું મળ્યું? આંસુ, આક્રંદ, આહ,

અનિદ્રા, અસ્વસ્થતા....'

'સ્નેહને માટે એ સઘળું સ્વાભાવિક હોય છે. પરંતુ એના સિવાય મને બીજું ઘણું ઘણું મળ્યું છે. અરે, શું નથી મળ્યું એ જ પ્રશ્ન છે. મને મારા આરાધ્યદેવ, ઈશ્વર મળ્યા છે. મારી આરાધનાનો મંગલ માર્ગ મળ્યો છે. જીવનના વિકાસની નિશ્ચિત કેડી જડી છે. શ્રેયનું સુંદર સાધન સાંપડ્યું છે. મારું જીવન જ્યોતિર્મય, આનંદયુક્ત તથા ધન્ય બન્યું છે. જે લગન, આતુરતા કે ઉત્કટતા દેખાય છે તે તો પ્રેમનો પ્રાણ છે. એ આવકાદાયક છે. માટે એનો વિચાર કરીને દૂર રહેવાનો નિર્ણય ના કરતા. મારી પાસે જીવનની જ્યોતિ બનીને જરૂર આવજો. આવશો ને?'

કૃષ્ણે ઉત્તર આપ્યો :

'આવીશ. અવશ્ય આવીશ. તું મારા વિના નથી રહી શકતી તો હું પણ તારા વિના ક્યાં રહી શકું છું? તું પણ મારા જીવનની જ્યોતિ, ચેતના પ્રસન્નતા, પ્રાણ, થઈ છે. તું મારા માટે અસાધારણ આશીર્વાદરૂપ બની છે. તને કોઈ કારણે ખોવા નથી માગતો. કદી પણ નહીં.'

એટલામાં તો એમની આંખ ઊઘડી ગઈ.

આજુબાજુના અંધકારમાં રાધાની મધુમય મુખાકૃતિ તરવરવા લાગી.

એની અમૃતમય અનુરાગમય આકૃતિના પડછંદા લાગ્યા.

ક્ષણવારને માટે તો સઘળું સાચું લાગ્યું : પોતે વૃંદાવનમાં રાધાની પાસે જ હોય અથવા રાધા પોતાની પાસે પહોંચી હોય એવું લાગ્યું : પરંતુ પછીથી જ, વસ્તુ સ્થિતિનું સાચું ભાન થતાં



એમને ખાતરી થઈ કે વિચાર તેમ જ ભાવનાની પાંખ પર ચઢેલું મન ન જાણે ક્યારે સ્વપ્નાવસ્થામાં સરી પડેલું.

એ સ્વપ્ન એમને સુખદ લાગ્યું.

એમાં નિહાળેલી રસસ્વરૂપા રાધા એમની આંખ આગળ રમવા લાગી.

એના શબ્દો આવારનવાર યાદ આવવા માંડ્યા.

'સ્વપ્ન પણ ઓછા આનંદમય નથી હોતાં.' એ મનોમન બોલ્યા; 'થોડા વખતને માટે એ અવનવી દુનિયામાં ડોકીયું કરાવે છે અને અવનવો રસ ધરે છે. શરીર મથુરામાં છે પણ મન વૃંદાવનમાં વિહાર કરી આવ્યું.'

એ જ વખતે પરિચારકે અંદર આવીને સમાચાર આપ્યા કે મગધરાજ જરાસંઘ પોતાની વિશાળ સેના સાથે મથુરાની દિશામાં ત્વરિત ગતિએ આગળ ધપી રહ્યો છે ને મથુરાની તદ્દન નજીક આવી પહોંચ્યો છે.

ચક્રવર્તી સમ્રાટ બનવાની અદમ્ય લાલસાવાળો જરાસંઘ કૃષ્ણને પોતાની લાલસાસિદ્ધિમાં ભારે અડખીલીરૂપ માનતો.

કૃષ્ણના વધતા જતા પ્રતાપ તથા પ્રભાવનું એને યથાર્થજ્ઞાન હોવાથી એને રોકવાની એને તીવ્ર ઈચ્છા હતી.

કંસના નાશથી એ રોષે ભરાયેલો.

એણે પોતાના મિત્ર રાજાઓને અને માંડલિકોને યુદ્ધની સૂચના પહોંચાડી.

એ સૌના એકઠા થવાથી એની શક્તિમાં અનેકગણો વધારો થયો.

**(ક્રમશઃ)**